# આઝાદીના ૭૫

# વર્ષ અને ૭૫


# સ્વાતંત્ર સેનાની

નામ :- રબારી તુષાર ડી.

રોલ નં :- ૩૦

કૉલેજ :- એસ.યુ.જી કૉલેજ ઑફ એજ્યુકેશન

# ૧. મહાત્મા ગાંધી



મોહનદાસ કરમચંદ ગાંધી (ઓક્ટોબર ૨, ૧૮૬૯ – જાન્યુઆરી ૩૦, ૧૯૪૮) , મહાત્મા તરીકે જાણીતા છે. તેઓ અત્યંત પ્રતિભાસંપન્ન નેતા હતા. તેમણે અંગ્રેજ સરકાર પાસેથી દુનિયા દંગ રહી જાય તે રીતે ભારત દેશને આઝાદી અપાવી. તેમની અહિંસક ચળવળની ફિલસૂફીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિપૂર્ણ તબદીલી ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પાડ્યો. તેમના શબ્દોમાં આ ચળવળ એ એક સત્યાગ્રહ હતો; અને આખરે તેમણે સફળતા મેળવી અને એ સાબિત કરી બતાવ્યું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વ માનવ હતા, તેઓ મહાત્મા ગાંધી નામે વિશ્વભરમાં જાણીતા થયેલા અને ભારતના રાષ્ટ્રપિતા તરીકેનું માન પામ્યા છે. તેમણે બ્રિટીશ રાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નકશા પર મૂકી. તેમના આદર્શો ભારતમાં અને અન્ય દેશોમાં પણ શાંતિમય પરિવર્તનની ચળવળ માટે પ્રેરણાદાયક રહ્યા છે.

# ૨. સુભાષચંદ્ર બોઝ



સુભાષચન્દ્ર બોઝ (બંગાળી: સુભાષચન્દ્ર બસુ/શુભાષચૉન્દ્રો બોશુ) (૨૩ જાન્યુઆરી ૧૮૯૭ - ૧૮ ઓગસ્ટ ૧૯૪૫) જે નેતાજીના હુલામણા નામથી પણ જાણીતા છે, તે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, અંગ્રેજોની વિરુદ્ધ લડવા માટે તેમણે જાપાનની સહાયતાથી આઝાદ હિન્દ ફોજની રચના કરી હતી. તેમના દ્વારા આપવામાં આવેલ "જય હિન્દ"નું સુત્ર ભારતનું રાષ્ટ્રીય સુત્ર બની ગયું છે. 3 મે, ૧૯૩૯ ના દિવસે, સુભાષબાબુએ કાંગ્રેસના અંતર્ગત ફૉરવર્ડ બ્લૉકના નામથી પોતાની પાર્ટીની સ્થાપના કરી. થોડા દિવસો પછી, સુભાષબાબુને કાંગ્રેસમાંથી બરતરફ કરવામાં આવ્યા. પછી ફૉરવર્ડ બ્લૉક એની મેળે એક સ્વતંત્ર પાર્ટી બની ગઈ.

# ૩. ભગતસિંહ



ભગતસિંહનો જન્મ પંજાબના લાયનપુર જિલ્લાના બંગલા ગામ માં 28 સપ્ટેમ્બર,1907ના રોજ થયો હતો અસહકારની ચળવળ વખતે તેઓ વિદેશી કાપડની હોળી કરવાના કાર્યક્રમમાં જોડાયા હતા લાહોર નેશનલ કોલેજમાં ભણવા ગયા ત્યારે તેમને સુખદેવ ભગવતીચરણ અને યશપાલનો પરિચય થયો. તેમના ક્રાંતિકારી વિચારોને પીઠબળ મળ્યું 1928માં 8મી એપ્રીલે ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે ધારાસભામાં બોમ્બ ફેંક્યો.બોમ્બ ફેકવાનું તેમનો ઇરાદો બહેરી થઈ ગયેલી અંગ્રેજ સરકારને જગાડવાના હતો. તેઓ ઈચ્છા તો બૉમ્બ ફેંકી ભાગી શકતા હતા, પણ તેમણે તે જગ્યાએ ઊભા રહી સુત્રોચ્ચાર કર્યા ક્રાંતિનો સંદેશ આપતી પત્રિકાઓ ફેંકી, હવામાં ગોળીબાર કર્યો અને શાંતિપૂર્વક આત્મસમર્પણ કરી લીધું. લાલા લજપતરાયના અવસાનનો બદલો લેવા થયેલા અંગ્રેજ અફસર સોન્ડર્સના ખૂન કેસમાં ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ ઉપર કેસ ચાલ્યો. કેસના ચુકાદામાં ત્રણેય મિત્રો ને ફાંસીની સજા થઈ ૨૩ માર્ચ, ૧૯૩૧ના રોજ તેમને ફાંસી આપવામાં આવી

# ૪. મંગલ પાંડે



મંગલ પાંડે એ એક ભારતીય સૈનિક હતા. ૧૮૫૭ની ભારતીય ક્રાંતિના સમયની ઘટનામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ બ્રિટિશ ઈસ્ટ ઈંડિયા કંપનીની ૩૪મી બેંગાલ નેટીવ ઈનફેન્ટ્રી (BNI)માં સિપાહી હતા. તે સમયનો બ્રિટિશ ઈતિહાસ તેમને રાજદ્રોહી કે બળવાખોર ગણે છે પણ આધુનિક કાળના ભારતીયો તેમને એક નાયક ગણે છે. ૧૯૮૪માં ભારત સરકારે તેમની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ઘણાં સિનેમા આદિમાં તેમના જીવન અને કાર્યોને દર્શાવાયા છે.

# ૫. પંડિત જવાહરલાલ નેહરુ



પંડિત જવાહરલાલ નહેરુનો જન્મ 14 નવેમ્બર, 1889ના રોજ અલ્હાબાદમાં થયો હતો. તેમણે પોતાની પ્રારંભિક શિક્ષા પોતાના ઘરે જ ખાનગી શિક્ષકો દ્વારા પ્રાપ્ત કરી હતી. 15 વર્ષની ઉંમરે જ તેઓ ઇંગ્લેન્ડ જતાં રહ્યા અને હૈરોમાં બે વર્ષ રહ્યા બાદ તેમણે કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો હતો જ્યાંથી તેમણે પ્રાકૃતિક વિજ્ઞાનમાં સ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરી હતી. 1912માં ભારત પાછા ફર્યા પછી તરત જ રાજકારણમાં જોડાયા હતા. અહીં સુધી કે વિદ્યાર્થીકાળ દરમિયાન પણ તેઓ વિદેશી હકુમત હેઠળના દેશોની સ્વતંત્રતા સંઘર્ષમાં રસ દાખવતા હતા. તેમણે આયર્લેન્ડમાં થયેલા સિનફેન આંદોલનમાં ઉંડો રસ લીધો હતો. તેમને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં અનિવાર્યરૂપે સામેલ થવું પડ્યું હતું.1912મા તેમણે પ્રતિનિધિ તરીકે બાંકીપુર સંમેલનમાં ભાગ લીધો હતો તેમજ 1919માં અલ્હાબાદના હોમરૂલ લીગના સચિવ બન્યા હતા. 1916માં તેઓ મહાત્મા ગાંધીને પહેલી વખત મળ્યા હતા. જેમનાથી તેઓ ખૂબ પ્રેરિત થયાં હતા. તેમણે 1920માં ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જિલ્લામાં પ્રથમ કિસાન માર્ચનું આયોજન કર્યું હતું.

# ૬. બાલ ગંગાધર ટિળક



લોકમાન્ય ટિળક (જુલાઇ ૨૩ ૧૮૫૬ - ઓગસ્ટ ૧ ૧૯૨૦) તરીકે જાણીતા 'બાળ ગંગાધર ટિળક' ભારતીય દેશભક્ત, સ્વતંત્રતા સેનાની, શિક્ષક અને સમાજ સુધારક હતા. ભારતની આઝાદીની લડતનાં તેઓ પ્રથમ લોકપ્રિય આગેવાન હતા.અંગ્રેજ વસાહતી હોદ્દેદારો તેમનું અપમાન કરવા અને તેમને નીચા પાડવા "ભારતીય અશાંતિના જનક" એવા નામે બોલાવતાં, જ્યારે ભારતીય લોકોએ તેમને સન્માનથી "લોકમાન્ય"નું વિશેષણ આપ્યું હતું. ટિળક "સ્વરાજ્ય"ની માંગણી કરનાર પ્રથમ પેઢીના નેતા હતા. "સ્વરાજ્ય એ મારો જન્મ સિદ્ધ અધિકાર છે, અને તે હું મેળવીને જ જંપીશ" એ વાક્ય આજે પણ ભારતીય લોકોને સારી રીતે યાદ છે.ટિળકે સરકારની વિચાર સ્વાતંત્ર્યય પરની જોહુકમીનો પ્રખર વિરોધ કર્યો ખાસ કરીને બંગાળના ભાગલા, ભારતીય સંસ્કૃતિ, લોકજીવન, વગેરેની અવહેલના સંદર્ભે તેઓ સરકારની સખત ઝાટકણી કાઢતાં. તેમણે બ્રિટીશરો ભારતને સ્વરાજ્ય તાત્કાલ આપે તેવી માંગણી કરી.

# ૭. ચંદ્રશેખર આઝાદ



ચંદ્રશેખર આઝાદ (૨૩ જુલાઈ ૧૯૦૬ – ૨૭ ફેબ્રુઆરી ૧૯૩૧) એ ભારતીય ક્રાંતિકારી હતા. ૧૯૨૨માં મહાત્મા ગાંધી દ્વારા અસહયોગ આંદોલન અચાનક રોકી દેવાતાં તેમની વિચારધારામાં પરિવર્તન આવ્યું અને તે ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાઈને હિંદુસ્તાન રિપબ્લીકન એસોશીએશનના સક્રિય સભ્ય બન્યા. આ સંગઠનના માધ્યમથી તેમણે રામ પ્રસાદ બિસ્મિલના નેતૃત્ત્વમાં ૧ ઓગસ્ટ ૧૯૨૪ના રોજ અંગ્રેજ સરકારનો ખજાનો લૂંટવા માટેની યોજના (કાકોરી કાંડ)ને અંજામ આપી ફરાર થઈ ગયા હતા. ૧૯૨૭માં રામ પ્રસાદ બિસ્મિલ, રોશન સિંહ, રાજેન્દ્રનાથ લાહિડી અને અશફાક ઊલ્લા ખાનના બલિદાન બાદ તમામ ક્રાંતિકારી જૂથોને એક કરી હિંદુસ્તાન સોશીયાલીસ્ટ રિપબ્લીકન આર્મી (HSRA)ની રચના કરી હતી.

# ૮. રાજગુરુ



શિવરામ હરી રાજગુરુ (૨૪ ઓગસ્ટ ૧૯૦૮ - ૨૩ માર્ચ ૧૯૩૧) ક્રાંતિકારી હતા. તેઓ મહારાષ્ટ્રનાં વતની હતા અને દેશષ્થ બ્રાહ્મણ પરિવારમાં જનમ્યા હતા. તેમનો જન્મ પુના નજીક ખેડ નામનાં ગામમાં થયો હતો, આ ગામ હવે તેમનાં માનમાં "રાજગુરુનગર" થી ઓળખાય છે.


લાલા લજપતરાય પર અંગ્રેજી સિપાહીઓએ લાઠીઓ વરસાવી અને તે ઇજાઓથી તેમનું મૃત્યુ થયું, તેમનો બદલો લેવા માટે રાજગુરુએ ભગત સિંહ અને સુખદેવ સાથે મળી લાહોરમાં અંગ્રેજ અમલદાર જે. પી. સૌંડર્સ (J.P. Saunders)ની હત્યા કરી. આ ઐતિહાસિક કેસમાં તેમને અંગ્રેજો દ્વારા ફાંસીની સજા કરવામાં આવી હતી અને માર્ચ ૨૩, ૧૯૩૧ના રોજ આ ત્રણે વીર ક્રાંતિકારીઓને ફાંસી આપવામાં આવી હતી.

# ૯. સૂર્ય સેન



સૂર્ય સેન, અથવા સૂરજ્ય સેન(૧૮ ઑક્ટોબર ૧૮૯૩ - ૧૨ જાન્યુઆરી ૧૯૩૪) એ એક બંગાળી ભારતીય ક્રાંતિકારી હતા. તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળમાં પ્રભાવશાળી ક્રાંતિકારી હતા. ખાસ કરીને ઈ.સ. ૧૯૩૦ના ચિત્તાગોંગ (હવે બાંગ્લાદેશમાં)શસ્ત્રાગાર પરના દરોડામાં તેમની અગ્રણી ભૂમિકા હતી.સૂર્ય સેન વ્યવસાયે શાળાના શિક્ષક હતા અને તેઓ માસ્ટર દા ("દા" બંગાળી ભાષામાં એક સન્માનજનક પ્રત્યય છે) તરીકે જાણીતા હતા. ઈ.સ. ૧૯૧૬માં તેઓ બહેરામપોર કૉલેજમાં બી.એ.નો અભ્યાસ કરતા હતા તે સમયે તેઓ રાષ્ટ્રવાદી આદર્શોથી પ્રભાવિત હતા. ઈ.સ. ૧૯૧૮માં, તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ચિત્તાગોંગ શાખાના અધ્યક્ષ તરીકે પસંદગી પામ્યા.સૂર્ય સેને અનંત સિંહ, ગણેશ ઘોષ અને લોકેનાથ બાઉલ જેવા જુસ્સાદાર યુવાન ક્રાંતિકારીઓ શોધી કાઢ્યા હતા. તેઓ ચિત્તાગોંગ જૂથ તરીકે જાણીતા બન્યા. તેમણે ચિત્તાગોંગ ખાતે કાર્યરત બ્રિટિશરો સામે લડત ચલાવી.

# ૧૦. રવીન્દ્રનાથ ટાગોર



રવિન્દ્રનાથ ટાગોર (૭ મે ૧૮૬૧ - ૭ ઓગસ્ટ ૧૯૪૧) ગુરુદેવ તરીકે પણ ઓળખાય છે.ટાગોરના રાજકીય વિચારો જટીલ હતા. તેમણે યુરોપીયન સામ્રાજ્યવાદનો વિરોધ કર્યો હતો અને ભારતીય રાષ્ટ્રવાદીઓને ટેકો આપ્યો હતો. હિન્દુ-જર્મન કાવતરા કેસના ખટલા દરમિયાન રજૂ કરવામાં આવેલા પુરાવા તેમને ઘડારાઇટ કાવતરાની જાણ હતી તે વાતને પુષ્ટિ આપે છે. પુરાવામાં જણાવાયું હતું કે તેમણે જાપાનના વડાપ્રધાન કાઉન્ટ તિરૌચી અને ભૂતપૂર્વ વડાપ્રધાન કાઉન્ટ ઓકુમાનો સહકાર માંગ્યો હતો. તેમણે સ્વદેશી ચળવળનો વિરોધ કર્યો હતો અને તેને ચરખા સંપ્રદાય ગણાવ્યો હતો, 1925નો તીખો નિબંધ તેમણે વિકલ્પ તરીકે સ્વસહાય અને સામુદાયિક બૌદ્ધિક સુધારા પર ભાર મુક્યો હતો અને જણાવ્યુ હતું કે બ્રિટીશ સામ્રાજ્યવાદ આપણી સામાજીક બિમારીનું ચિહ્ન છે. તેમણે ભારતીયોને તે સ્વીકારવા વિનંતી કરી હતી કે આંધળી ક્રાંતિનો કોઇ પ્રશ્ન નથી પરંતુ સતત અને ઉદેશપૂર્ણ શિક્ષણની જરૂર છે.1919ના જલીયાંવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં પોતાનો ખિતાબનો ત્યાગ કર્યો હતો.

# ૧૧. બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાય




બંગાળાની એકતાને તોડનારા આ ભાગલાનો વિરોધ કરવા બંગાળમાં જાહેર સભાઓ અને સરઘસોના કાર્યક્રમો થયા. અસંખ્યા પત્રિકાઓ વહેંચાઈ. આંદોલનમાં બંકિમચંદ્ર ચટોપાધ્યાયની 'આનંદમઠ' નવલકથાનું 'વંદેમાતરમ્' ગીત લડાઈ નો નારો બની ગયું. આખા દેશમાં રાષ્ટ્રીય ભાવનાનું અભૂતપૂર્વ મોજું ફરી વળ્યું. જે દિવસે ભાગલાનો અમલ શરૂ થયો,તે દિવસ બંગાળમાં 'શોકદિન' તરીકે ઉજવવામાં આવ્યો. આખા પ્રદેશમાં હડતાળ પાડવામાં આવી રવિન્દ્રનાથ ટાગોરના સૂચનથી તે દિવસને 'એકતાદિન' તરીકે પણ ઉજવવામાં આવ્યો.

# ૧૨. રાણી લક્ષ્મીબાઈ



રાણી લક્ષ્મીબાઈ (૧૯ નવેમ્બર ૧૮૨૮ - ૧૮ જૂન ૧૮૫૮) ઝાંસી રાજ્યની રાણી હતા. તેઓ સનઃ ૧૮૫૭ના ભારતીય સ્વતંત્રતા સંગ્રામની નાયિકા હતા.તેમનો જન્મ કાશી (વારાણસી)માં તથા મૃત્યુ ગ્વાલિયરમાં થયું હતું. તેમનું નાનપણનું નામ મનિકર્ણિકા હતું પણ લાડમાં તેમને મનુ કહેતા. તેમના પિતાનું નામ મોરોપંત તાંબે હતું અને તેઓ એક મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ હતા. તેમની માતા ભાગીરથીબાઈ એક સુસંસ્કૃત, બુદ્ધિમાન અને ધાર્મિક મહિલા હતી.ઝાંસી ૧૮૫૭ના વિપ્લવનું એક પ્રમુખ કેન્દ્ર બની ગયું હતુ, જ્યાં હિંસા ફાટી નીકળી હતી. રાણી લક્ષ્મીબાઈએ ઝાંસી ની સુરક્ષાને સુદૃઢ કરવાનું શરૂ કરી દીધુ અને એક સ્વયંસેવક સેનાને સંગઠન કરવાનું પ્રારંભ કર્યું. આ સેનામાં મહિલાઓની ભરતી પણ કરવામાં આવી અને તેમને યુદ્ધ પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યુ. સાધારણ જનતાએ પણ આ વિદ્રોહમાં સહકાર આપ્યો.૧૮૫૭ના સપ્ટેમ્બર તથા ઓક્ટોબર મહિનામાં પડોસી રાજ્યો ઓરછા તથા દતિયાના રાજાઓએ ઝાંસી ઉપર આક્રમણ કર્યું. રાણીએ સફળતા પૂર્વક તેમને હરાવ્યા.

# ૧૩. મદન મોહન માલવીયા



કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના પ્રણેતા એવા મહામના પંડિત મદન મોહન માલવીયાનો જન્મ ૨૫મી ડિસેમ્બર ૧૮૬૧ ના દિવસે ભારત દેશના ઉત્તર પ્રદેશ રાજ્યમાં આવેલા અલ્હાબાદ શહેરમાં પિતા બ્રિજનાથ અને માતા મૂનાદેવીના ઘરે થયો હતો.

મહામના તરીકે ઓળખાયેલા મદન મોહન માલવીયા આ યુગના આદર્શ પુરુષ હતા. પોતાના જીવન-કાળમાં પત્રકારત્વ, વકીલાત, સમાજ-સુધારણા, માતૃ-ભાષા તથા ભારતમાતાની સેવા કાજે પોતાનું જીવન અર્પણ કરનારા આ મહામાનવે જે વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી એમાં એમની પરિકલ્પના એવા વિદ્યાર્થીઓને શિક્ષિત કરીને દેશ સેવા કાજે તૈયાર કરવાની હતી, જે દેશનું મસ્તક ગૌરવથી ઊંચુ કરાવી શકે. એ જગજાહેર છે કે મહામના માલવીય સત્ય, બ્રહ્મચર્ય, વ્યાયામ, દેશભક્તિ તથા આત્મ-ત્યાગમાં આ દેશમાં અદ્વિતીય સ્થાન રાખતા હતા. ઉપર્યુક્ત સમસ્ત આચરણ પર મહામના સદૈવ ઉપદેશ જ ન આપતા, પરંતુ એનું સર્વથા પાલન પણ કરતા હતા. પોતાના વ્યવહારમાં મહામના સદૈવ મૃદુભાષી રહ્યા હતા.

# ૧૪. સરદાર વલ્લભભાઈ પટેલ



સરદાર વલ્લભભાઈ પટેલ (૩૧ ઓક્ટોબર ૧૮૭૫ - ૧૫ ડિસેમ્બર ૧૯૫૦) ભારતના એક રાજકીય તથા સામાજિક નેતા હતા, જેમણે દેશની સ્વતંત્રતાની લડતમાં મહત્વનો ફાળો આપ્યો અને અખંડ, સ્વતંત્ર ભારતના એકીકરણનું નેતૃત્વ કર્યું. ભારત અને દુનિયાભરમાં તેઓ સરદારના નામથી સંબોધાય છે. તેમજ એના દ્રઢ મનોબળ ના કારણે લોખંડી પુરુષ તરીકે પણ ઓળખાય છે.વલ્લભભાઈ પટેલ એક વકીલ હતા. અને તેમની સફળ વકીલાત દરમ્યાન તેઓ મહાત્મા ગાંધીના કામ અને વિચારધારાથી ઘણા પ્રભાવિત થયા હતા. ત્યારબાદ તેમણે ગુજરાતના ખેડા, બોરસદ અને બારડોલી ગામના ખેડૂતોને સંગઠિત કરી, અંગ્રેજોના અત્યાચાર સામે સત્યાગ્રહો કર્યા. તેમની આ ભૂમિકાના લીધે તેમની ગણના ગુજરાતના પ્રભાવશાળી નેતામાં થઇ. ત્યારબાદ તેમણે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતૃત્વ પણ કર્યું અને બળવાઓ તથા રાજકીય ઘટનાઓમાં આગેવાની કરી. તેમણે ૧૯૩૪ અને ૧૯૩૭ની ચૂંટણીમાં પાર્ટીને સંગઠિત કરી અને તેમણે ભારત છોડો આંદોલનમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો.

# ૧૫. જય પ્રકાશ નારાયણ



જયપ્રકાશ નારાયણ ( ૧૧મી ઓક્ટોબર, ૧૯૦૨ - ૮મી ઓક્ટોબર, ૧૯૭૯) જે પી અથવા લોકનાયક તરીકે જાણીતા ભારતીય સ્વતંત્રતા સેનાની, સિદ્ધાંતકારી, સમાજવાદી અને રાજનેતા હતા. તેઓ ભારત છોડો આંદોલનના નાયક તરીકે પણ ઓળખાય છે તથા પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ૧૯૭૦ના દશકના લોકતાંત્રિક વિરોધ માટે યાદ કરવામાં આવે છે. તેમનું જીવનચરિત્ર તેમના રાષ્ટ્રવાદી મિત્ર અને હિન્દી સાહિત્યના પ્રખ્યાત લેખક રામવૃક્ષ બેનીપુરીએ લખ્યું હતું. ૧૯૯૯માં તેમના સામાજીક કાર્યો માટે ભારતના સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન ભારત રત્નથી (મરણોપરાંત) સન્માનિત કરવામાં આવ્યા. અન્ય પુરસ્કારોમાં મેગ્સેસ એવોર્ડ (૧૯૬૫) મુખ્ય છે.૧૯૪૭થી ૧૯૫૩ દરમિયાન જયપ્રકાશ ભારતીય રેલવેના સૌથી મોટા શ્રમિક સંઘ અખિલ ભારતીય રેલકર્મી મહાસંઘના અધ્યક્ષપદે રહ્યા હતા.બ્રિટીશ શાસન વિરુદ્ધ સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લેવા બદલ ૧૯૩૨માં તેમને નાસિક જેલમાં કેદ કરવામાં આવ્યા.

# ૧૬. મદનલાલ ધિંગરા



મદનલાલ ધિંગરા (૧૮ સપ્ટેમ્બર ૧૮૮૩ – ૧૭ ઓગસ્ટ ૧૯૦૯) ભારતીય સ્વતંત્રતા સંગ્રામના એક ક્રાંતિકારી હતા. ઈંગ્લેન્ડમાં અભ્યાસ દરમિયાન તેમણે અંગ્રેજ અધિકારી વિલિયમ હટ કર્ઝન વાયલીની હત્યા કરી હતી.તેઓ અંગ્રેજોની સંપત્તિની સરખામણીમાં ભારતની ગરીબીથી વ્યથિત થયા. તેમણે ભારતીય ગરીબી અને દુષ્કાળના કારણો સંબંધિત સાહિત્યનું અધ્યયન કર્યું અને એ તારણ પર આવ્યા કે આ સમસ્યાઓનું સમાધાન સ્વશાસન અને સ્વદેશીમાં નિહિત છે. તેમને સમજાયું કે બ્રિટીશ સરકારની ઔદ્યોગિક અને આર્થિક નીતિઓ સ્થાનિક ઉદ્યોગોને કચડી નાખવા અને બ્રિટીશ ઉત્પાદનને ઉત્તેજન આપવાના પક્ષમાં છે જે ભારતીય ગરીબીનું મુખ્ય કારણ છે. ધિંગરાએ ભારતીય ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા બ્રિટીશ વસ્તુઓનો બહિષ્કાર અને સ્વદેશી આંદોલન પર ભાર મૂક્યો.

# ૧૭. રામપ્રસાદ બિસ્મિલ



રામ પ્રસાદ બિસ્મિલ (૧૧ જૂન ૧૮૯૭ – ૧૯ ડિસેમ્બર ૧૯૨૭) ભારતીય ક્રાંતિકારી હતા. તેમણે ૧૯૧૮ના મેનપુરી ષડયંત્ર તથા ૧૯૨૫ની કાકોરી ટ્રેન લૂંટમાં ભાગ લીધો હતો અને બ્રિટીશ સામ્રાજ્યવાદ વિરુદ્ધ સંઘર્ષ કર્યો હતો. સ્વાતંત્ર્ય સેનાની હોવાથી સાથોસાથ તેઓ દેશભક્ત કવિ પણ હતા. રામ, અજ્ઞાત તેમજ બિસ્મિલ ઉપનામથી તેમણે હિન્દી તથા ઉર્દૂમાં કવિતાઓ લખી હતી. જે પૈકી તેઓ બિસ્મિલ તરીકે વધુ જાણીતા થયા. તેઓ આર્ય સમાજ સાથે સંકળાયેલા હતા જ્યાં તેઓ સ્વામી દયાનંદ સરસ્વતી લિખિત સત્યાર્થ પ્રકાશથી પ્રભાવિત થયા. આર્ય સમાજના પ્રચારક અને તેમના ગુરુ સ્વામી સોમદેવના માધ્યમથી તેઓ લાલા હરદયાળ સાથે ગુપ્ત પરિચય ધરાવતા હતા.બિસ્મિલ ક્રાંતિકારી સંગઠન હિંદુસ્તાન રિપબ્લીક એસોસિયેશનના સંસ્થાપક સદસ્યો પૈકી એક હતા. ભગત સિંહે હિંદી અને ઉર્દૂ કવિ તરીકે તેમની પ્રશંસા કરી હતી. બિસ્મિલે અંગ્રેજી પુસ્તક કેથરીન અને બંગાળી પુસ્તક બોલ્શેવિકોકી કરતૂતનો અનુવાદ પણ કર્યો હતો.

# ૧૮. લાલ લજપત રાય



લાલા લાજપત રાય ( ૨૮ જાન્યુઆરી ૧૮૬૫ – ૧૭ નવેમ્બર ૧૯૨૮) એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા. તેમણે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. તેઓ પંજાબ કેસરી તરીકે પણ જાણીતા છે. તેમણે પંજાબ નેશનલ બેંક અને લક્ષ્મી વીમા કંપનીની સ્થાપના કરી હતી. ઈ. સ. ૧૯૨૮માં સાયમન કમિશન વિરુદ્ધ એક પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ આંદોલન દરમિયાન કરવામાં આવેલા લાઠી-ચાર્જમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને અંતે એમનું અવસાન થયું હતું

# ૧૯. સરોજિની નાયડુ



સરોજિની નાયડુ અંગ્રેજી ભાષાના ભારતીય કવિયત્રી, સ્વાતંત્ર્યસેનાની અને પ્રથમ મહિલા રાજ્યપાલ હતા. સ્વરમીઠાશને કારણે લોકો તેમને 'હિંદની બુલબુલ' કહેતા હતા. ભારત સરકારે ૧૩ ફેબ્રુઆરી ૧૯૬૪ ના રોજ તેમની સ્મૃતિમાં ૧૫ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી.સરોજિની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ના રોજ હૈદરાબાદના બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો.સરોજિની નાયડુ ઇ.સ ૧૯૧૭માં રાજકારણમાં સક્રિય બન્યા અને કાવ્યલેખનને પૂર્ણ કર્યું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશન ૧૯૦૬માં તેમણે આપેલા વક્તવ્યથી ગોપાલ કૃષ્ણ ગોખલે પ્રભાવિત થયા અને તેમને માતૃભૂમિની સેવા કરવા માટે આગ્રહ કર્યો. તેમણે સ્ત્રીઓને આગળ લાવવા કેટકેટલીય ચળવળો ચલાવી હતી. ઇ.સ. ૧૯૦૮માં મદ્રાસમાં મળેલા વિધવાપુનલગ્ન માટેના અધિવેશનમાં તેમણે સ્ત્રીઓને જાગૃત કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો. તેમણે પ્લેગના રોગચાળા દરમિયાન આપેલી સેવાઓને ધ્યનમાં રાખીને તેમણે હૈદરાબાદમાં “કૈસરે હિંદ”નો સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. જે તેમણે સત્તાના જુલ્મ વિરુદ્ધમાં પરત કર્યો હતો. તેઓ હમેશા હિન્દુ મુસ્લિમની એકતા માટે કાર્ય કરતાં હતા.

# ૨૦. કુંવરસિંહ



બાબુ વીર કુંવર સિંહ (૧૭૭૭ - ૨૬ એપ્રિલ ૧૮૫૮) અથવા બાબુ કુંવર સિંહ અથવા કુંવર સિંહ એ ૧૮૫૭ની ભારતીય ક્રાંતિના એક નેતા હતા. તેઓ જગદીશપુરના પરમાર રાજપૂતોના ઉજ્જૈનિયા કુળના એક રજપૂત જમીનદાર હતા, જે હાલમાં બિહારના ભોજપુર જિલ્લામાં આવે જિલ્લામાં આવે છે. ૮૦ વર્ષની ઉંમરે, તેમણે બ્રિટીશ ઇસ્ટ ઈન્ડિયા કંપનીની વિરુદ્ધ સશસ્ત્ર સૈનિકોના દળનું નેતૃત્વ કર્યું. તે બિહારમાં અંગ્રેજો સામેની લડતના મુખ્ય આયોજક હતા. તેઓ વીર કુંવર સિંહ તરીકે જાણીતા છે.

# ૨૧. તાત્યા તોપે



તાત્યા ટોપે એ ૧૮૫૭ની ભારતીય ક્રાંતિના એક સેનાપતિ અને તેના એક નોંધપાત્ર નેતા હતા. તેમનો જન્મ મરાઠી દેશસ્થ બ્રાહ્મણ કુટુંબમાં રામચંદ્ર પાંડુરંગ તરીકે થયો હતો અને ટોપે, એટલે કે સેનાપતિ અધિકારી તરીકે તેમણે પદવી લીધી હતી. તેમનું પહેલું નામ તાત્યા એટલે સેનાનાયક થાય છે. બિથુરના નાના સાહેબના તેઓ અંગત રક્ષક હતા, જ્યારે અંગ્રેજોએ કાનપુર ફરી તાબે કર્યું ત્યારે તેમણે ગ્વાલિયર ટુકડી સાથે પ્રગતિ કરી અને જનરલ વિન્ડહૅમને શહેરમાંથી છોડી પીછેહટ કરવાની ફરજ પડી હતી. પાછળથી તેઓ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની સહાય કરવા આગળ આવ્યા અને તેમની સાથે ગ્વાલિયર શહેર કબજે કર્યું. જો કે, તેમને જનરલ નેપીઅરના બ્રિટિશ ભારતીય સૈન્યે રાણોદ ખાતે પરાજિત કરી દીધા હતા અને સિકર ખાતેની એક વધુ હાર બાદ તેમણે લડાઈ અભિયાન છોડી દીધું હતું. ૧૮ એપ્રિલ ૧૮૫૯ ના દિવસે શિવપુરી ખાતે બ્રિટીશ સરકાર દ્વારા તેમને ફાંસી આપવામાં આવી.

# ૨૨. વિનાયક દામોદર સાવરકર



વિનાયક દામોદર સાવરકર (૨૮ મે ૧૮૮૩ - ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬) ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ હરોળના સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા હતા. જેથી તેઓ વીર સાવરકર નામથી જાણીતા થયા.

હિંદુ રાષ્ટ્રની રાજનીતિક વિચારધારા (હિંદુત્વ) ને વિકસિત કરવાનો સંપૂર્ણ શ્રેય સાવરકરને ફાળે જાય છે. સ્વતંત્રતા સેનાની હોવાની સાથે-સાથે તેઓ મહાન ક્રાંતિકારી, વિચારક, સિદ્ધહસ્ત લેખક, કવિ, પ્રખર વક્તા તથા દુરદર્શી રાજનેતા પણ હતા. તેઓ એક એવા ઈતિહાસકાર પણ હતા કે જેમણે હિંદુ રાષ્ટ્રના વિજયના ઈતિહાસને પ્રમાણિકપણે શાબ્દિક રીતે કંડાર્યો હતો. તેમણે ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામનો જીવંત અહેવાલરૂપી ઈતિહાસ ધ ઈન્ડિયન વૉર ઓફ ઈન્ડિપેન્ડન્સ નામના પુસ્તકમાં લખ્યો જેનાથી બ્રિટિશ શાસકોમાં ખળભળાટ મચી ગયો. ધ ઈન્ડિયન વૉર ઓફ ઈન્ડેપેન્ડન્સ મૂળ મરાઠી ભાષામાં ૧૯૦૮ની સાલમાં તેમણે લખી જેનો અંગ્રેજી ભાષામાં અનુવાદ ઈન્ડિયા હાઉસમાં રહીને છ જેટલા વિદ્યાર્થીઓએ કર્યો.

# ૨૩.વાસુદેવ બળવંત ફડકે



વાસુદેવ બળવંત ફડકે (૪ નવેમ્બર ૧૮૪૫ – ૧૭ ફેબ્રુઆરી ૧૮૮૩) ભારતીય સ્વતંત્રતા સંગ્રામના એક ક્રાંતિકારી હતા. તેઓ બ્રિટીશ રાજ દરમિયાન ખેડૂત વર્ગની દુર્દશાથી વ્યથિત હતા. તેમને દૃઢ વિશ્વાસ હતો કે સ્વરાજ જ ખેડૂતોને દયનીય સ્થિતિમાંથી ઉગારી શકે છે. તેમણે મહારાષ્ટ્રના કોળી, ભીલ અને ધાંગડ જાતિના લોકોને એકત્ર કરીને રામોશી નામનું એક સશસ્ત્ર ક્રાંતિકારી સંગઠન ઊભુ કર્યું હતું. આ સંગઠને બ્રિટીશ રાજને ઉખાડી ફેંકવા ધન પ્રાપ્તિ માટે સંપન્ન અંગ્રેજ વ્યવસાયીઓ પર છાપા મારવાનું શરૂ કર્યું હતું.


# ૨૪. મેડમ ભીખાજી




મેડમ ભિખાઈજી કામા ભારતની સ્વતંત્રતા સંગ્રામના જાણીતા અને પ્રથમ મહિલા ક્રાંતિકારી હતા.મેડમ ભીખાઈજી કામાનો જન્મ ૨૪ સપ્ટેમ્બર ૧૮૬૧ ના રોજ મુંબઈના એક શ્રીમંત પારસી પરિવારમાં થયો હતો. પિતાનું નામ સોરાબજી કામજી પટેલ અને માતાનું નામ જીજીબાઈ હતું.

ઈ.સ. ૧૯૦૭માં વિદેશ ભૂમિ (જર્મની) ઉપર યોજાયેલા આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં બધા દેશો દ્વારા પોતપોતાના રાષ્ટ્રીયધ્વજ લહેરાવ્યો હતો. તેની સાથે આ બાનુએ ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો હતો. આ ધ્વજમાં સૂર્ય ચંદ્ર અને સપ્તર્ષિના સાત તારાઓનું પ્રતીક હતું તેમજ ધ્વજની વચ્ચે દેવનાગરી લિપિમાં 'વંદે માતરમ' લખ્યું હતું.

# ૨૫. બહાદુર શાહ ઝફ્ફર



બહાદુર શાહ ઝફર (૧૭૭૫-૧૮૬૨) ભારતમાં મુઘલ સામ્રાજ્યના અંતિમ બાદશાહ હતા અને ઉર્દૂ ભાષાના જાણીતા શાયર હતા. તેમણે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભારતીય સિપાહીઓનું નેતૃત્વ કર્યું હતું. યુદ્ધમાં હાર્યા પછી અંગ્રેજોએ તેમને બર્મા (હવે મ્યાનમાર) મોકલી દીધા, જ્યાં તેમનું મૃત્યુ થયું.બહાદુર શાહ ઝફરનો જન્મ ૨૪ ઓક્ટોબર, ૧૭૭૫નાં થયો હતો. તે પોતાનાં પિતા અકબર શાહ દ્વિતીયના મૃત્યુ પશ્ચાત ૨૮ સપ્ટેમ્બર, ૧૮૩૮નાં રોજ દિલ્હીની સલ્તનતના બાદશાહ બન્યા હતા. તેમની માતા લલબાઈ હિંદુ પરિવારનાં હતા. ઇ. સ. ૧૮૫૭માં જ્યારે હિંદુસ્તાનની આઝાદીની ચિનગારી ભડકી તો બધા વિદ્રોહી સૈનિકો અને રાજા-મહારાજાઓએ તેમને હિંદુસ્તાનનાં સમ્રાટ માન્યા અને તેમના નેતૃત્વમાં અંગ્રેજો સામે લડાઇ લડી. અંગ્રેજોની વિરૂધ્ધ ભારતીય સૈનિકોની ચળવળ જોઇ બહાદુર શાહ ઝફરનો ગુસ્સો પણ ફુટી પડ્યો અને તેમણે અંગ્રેજોને હિંદુસ્તાનની બહાર કરવાનું આહ્વાન કર્યું. ભારતીયોએ દિલ્હી અને દેશનાં અન્ય ભાગોમાં અંગ્રેજોને ખરાબ રીતે હરાવ્યા હતા.

# ૨૬. દાદાભાઈ નવરોજી



'હિંદના દાદા' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ મેળવનારા દાદાભાઈ નવરોજીનો જન્મ ૪ સપ્ટેમ્બર ૧૮૨૫ માં નવસારીમાં થયો હતો. તેઓ એક પારસી પુરોહિતના પુત્ર હતા.દાદાભાઈની ગણના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્થાપક તરીકે થાય છે. તેઓ ત્રણ વખત કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. કોંગ્રેસના શરૂઆતના વર્ષોમાં સ્વતંત્રતાની લડાઈ દરમિયાન તેમણે ઉદારમતવાદી રસ્તો અપનાવ્યો હતો. તેઓને બ્રિટિશરોમાં વિશ્વાસ હતો પરંતુ બ્રિટિશ રાજકીય વ્યવસ્થાથી તેમની ભ્રમણામાં વધારો થતા તેઓ નિરાશ બન્યા હતા. ૧૯૦૪માં તેમણે સ્વરાજની માંગણી કરી હતી. ગોપાલ કૃષ્ણ ગોખલે અને મોહનદાસ કરમચંદ ગાંધી સહિત યુવા રાષ્ટ્રીય નેતાઓની પેઢી તેમનો એક સલાહકાર તરીકે આદર કરતા હતા.

# ૨૭. ખુદીરામ બોઝ



ખુદીરામ બોઝ (૩ ડિસેમ્બર ૧૮૮૯ – ૧૧ ઓગસ્ટ ૧૯૦૮) ભારતીય ક્રાંતિકારી હતા. વર્ષ ૧૯૦૨–૦૩માં શ્રી અરવિંદ અને સિસ્ટર નિવેદિતા મિદનાપુરના પ્રવાસે હતા. તેમણે સ્વતંત્રતા માટે સંઘર્ષરત ક્રાંતિકારી જૂથ-સમૂહો સાથે સાર્વજનિક વ્યાખ્યાનો અને વ્યક્તિગત સત્રોની શૃંખલાઓનું આયોજન કર્યું હતું. કિશોર વયના ખુદીરામ આ ક્રાંતિની ચર્ચાઓમાં સક્રીય ભાગીદાર હતા.બાદમાં તેઓ અનુશીલન સમિતિ સાથે જોડાયા. ત્યાં તેઓ બિરેન્દ્રકુમાર ઘોષના સંપર્કમાં આવ્યા. ૧૫ વર્ષની ઉંમરે તેઓ સ્વયંસેવક બન્યા અને બ્રિટીશ રાજ વિરુદ્ધ ચોપાનિયાં વહેંચવાના ગુનામાં ધરપકડ કરાયા.૧૯૦૫ના બંગાળ વિભાજનના વિરોધ પ્રદર્શનોમાં તેમણે સક્રિય ભાગ લીધો. ૬ ડિસેમ્બર ૧૯૦૭ ના રોજ ખુદીરામે બંગાળના ગવર્નરની વિશેષ ટ્રેન પર હુમલો કર્યો. ૧૯૦૮માં બે અંગ્રેજ અધિકારીઓ વોટસન અને બેમ્ફિલ્ડ પર બોમ્બથી હુમલો કર્યો.

# ૨૮. ગોપાલ કૃષ્ણ ગોખલે



ગોપાલ કૃષ્ણ ગોખલે (૯ મે, ૧૮૬૬ – ૧૯ ફેબ્રુઆરી, ૧૯૧૫) ભારતીય સ્વતંત્રતા ચળવળના ઉદારવાદી રાજનેતા અને સમાજ સુધારક હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને 'સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટી'ના સ્થાપક હતા. સોસાયટી ઉપરાંત કોંગ્રેસ તેમજ અન્ય ધારાસભા એકમોની મદદથી તેમણે સ્વશાસન અને સમાજ સુધારણા અભિયાન ચલાવ્યા. તેઓ કોંગ્રેસ પક્ષના ઉદારવાદી જૂથના નેતા હતા જેમણે પ્રવર્તમાન સરકારી સંસ્થાઓ સાથે કામગીરી કરીને સુધારાઓની હિમાયત કરી.

# ૨૯. બિપિનચંદ્ર પાલ



લાલ,બાલ અને પાલની ત્રિપુટીના ત્રીજા બંગાળી નેતા બિપીનચંદ્ર પાલ હતા. શરૂઆતમાં તેઓ બ્રહ્મો સમાજના સંપર્કમાં આવ્યા હતા. તેમણે ન્યૂ ઇન્ડિયા સાપ્તાહિક અને વંદે માતરમ વર્તમાનપત્ર શરૂ કર્યું હતું. અંગ્રેજ સરકારે યુવાનોને હિંસક માર્ગે ઉશ્કેરવાનો તેમના પર આરોપ મૂક્યો હતો. તેઓ પ્રચંડ લોક આંદોલન દ્વારા સ્વરાજ પ્રાપ્ત કરવાના હિમાયતી હતા.

# ૩૦. અશફાક ઉલ્લાખાં



અશફાક ઉલ્લાખાંએ હિન્દુ-મુસ્લિમ એકતાનું અનેરૂ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. રામપ્રસાદ બિસ્મિલ સાથે તેમને નાનપણથી દોસ્તી હતી. તેઓ ખેલકૂદ ના ખૂબ શોખીન હતા.ઘોડે સવારી અને બંદૂક ચલાવવામાં પ્રવીણ હતા. શાહજહાંપુરમાં આર્ય સમાજના મંદિર પર થયેલ હુમલો તેમણે રોક્યો હતો.કાકોરી ટ્રેન લૂંટ કરવાની યોજનામાં તેમણે ભાગ લીધો હતો તેમને જેલમાં ફાંસી આપવામાં આવી હતી.


કુછ આરઝૂ નહિ હૈ, હેમ આરઝૂ તો યહ,
રખ દે કોઈ જરાસી ખાકે વતન કફનમેં.
**- અશફાક ઉલ્લાખાં**

# ૩૧. શ્યામજી કૃષ્ણવર્મા




વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત કરનાર શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ ઈ.સ 1857ની ચોથી ઓક્ટોબરે કચ્છના માંડવી ગામે થયો હતો.કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં સ્નાતક થયા હતા. તેમણે ભારતમાં સ્વરાજ મેળવવાના ઉદ્દેશથી લંડન 1905ની 18મી ફેબ્રુઆરીએ ઇન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કરી. સંસ્થાનું કાર્યાલય ઇન્ડિયા હાઉસ નામે મકાનમાં રાખવામાં આવ્યું હતું. આ સંસ્થાના પ્રચાર માટે તેમણે ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ નામનું સામાયિક શરૂ કર્યું.

# ૩૨. વિનોબા ભાવે



આચાર્ય વિનોબા ભાવે (૧૧મી સપ્ટેમ્બર, ૧૮૯૫-૧૫મી નવેમ્બર, ૧૯૮૨)નું જન્મ સમયનું નામ વિનાયક નરહરી ભાવે હતું. એમનો જન્મ ગાગોદા, મહારાષ્ટ્ર ખાતે થયો હતો. તેમણે દશ વર્ષ ની કુમળી વયે જ આજીવન બ્રહ્મચર્ય અને લગ્ન નહીં કરવાની પ્રતિજ્ઞા કરી હતી. એમને ભારતના રાષ્ટ્રીય અધ્યાપક અને મહાત્મા ગાંધીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી માનવામાં આવે છે. એમણે પોતાનાં જીવનનાં આખરી વર્ષો પુનાર, મહારાષ્ટ્ર ખાતેના આશ્રમમાં ગુજાર્યાં હતાં. ઈન્દિરા ગાંધી દ્વારા ઘોષિત કટોકટીને અનુશાસન પર્વ કહેવાને કારણે તેઓ વિવાદનું કેન્દ્ર પણ બન્યા હતા.

# ૩૩. અબ્દુલ ગફાર ખાન



ખાન અબ્દુલ ગફાર ખાન ફખર-એ-અફઘાન અને બાચા ખાન (૧૮૯૦ - ૨૦ જાન્યુઆરી ૧૯૮૮) એક પઠાણ રાજકીય અને અધ્યાત્મિક આગેવાન હતા. તેઓ મહાત્મા ગાંધીના એક સારા દોસ્ત હતા અને તેઓ સરહદના ગાંધી તરીકે પણ ઓળખાવાય છે. તેઓ ભારતીય ઉપખંડમાં બ્રિટિશ શાસન વિરુદ્ધ જદોજહેદમાં અહિંસાના પ્રયોગ માટે જાણીતા છે. તેઓ શાંતિવાદી અને ધર્મનિષ્ઠ મુસલમાન હતા. ૧૯૧૦માં બાચા ખાને પોતાના મૂળ નગર ઉત્માનઝાઈમાં મદરેસા ખોલ્યા, અને ૧૯૧૧માં તુરંગઝાઈના હાજી સાહેબની આઝાદી તહેરીકમાં શામેલ થયા. પણ ૧૯૧૫માં બ્રિટિશ સરકારે તેમના મદરેસા પર પાબંદી મૂકી હતી.એક સમયે તેમનું સ્વપ્ન સંયુક્ત, સ્વતંત્ર અને ધર્મનિરપેક્ષ ભારત હતું. આ સ્વપ્ન માટે તેમણે ૧૯૨૦માં ખુદાઈ ખિદમતગાર નામે સંગઠનની સ્થાપના કરી. આ સંગઠન લાલ કુડતી કે બાદશાહ નામોથી પણ ઓળખાવાય છે.

# ૩૪. મણીબેન પટેલ




મણિબેન પટેલ (૩ એપ્રિલ ૧૯૦૩, કરમસદ - ૧૯૯૦) એ ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર અને ભારતીય સંસદના સભાસદ હતા. તેઓ ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને નેતા સરદાર વલ્લભભાઈ પટેલના સુપુત્રી હતા. તેમનો અભ્યાસ મુંબઈમાં થયો હતો અને તેમણે ૧૯૧૮માં ગાંધીજીની વિચારધારાનો સ્વીકાર કર્યો હતો. ત્યાર બાદ તેઓ નિયમીત રીતે અમદાવાદના સાબરમતી આશ્રમમાં સેવા આપતા હતાં.મણિબહેન પટેલે અસહાકારની ચળવળ અને મીઠાના સત્યાગ્રહ માં ભાગ લીધો હતો અને તેને કારણે તેમને જીવનનો ઘણો સમય કારાગૃહમાં વિતાવવો પડ્યો હતો. ૧૯૩૦માં તેઓ તેમના પિતાના મદદનીશ બન્યા અને તેમની નિજી જરૂરિયાતોની પણ દેખરેખ રાખવા લાગ્યા. મણિબેને પોતાનું જીવન ભારતની સ્વતંત્રતાને સમર્પિત કર્યું હતું

# ૩૫. રોશન સિંહ




ઠાકુર રોશન સિંઘ (22 જાન્યુઆરી 1892 - 19 ડિસેમ્બર 1927) એક ભારતીય ક્રાંતિકારી હતો, જેનો જન્મ ઉત્તર પ્રદેશના નબદા શાહજહાંપુર જિલ્લામાં થયો હતો, જેમને 1921-222ના અસહકારી ચળવળ દરમિયાન બરેલી શૂટિંગ કેસમાં સજા આપવામાં આવી હતી. બરેલી શૂટિંગ કેસમાં સજા આપવામાં આવી હતી. બરેલી સેન્ટ્રલ જેલમાંથી છૂટ્યા પછી, તે 1924 માં હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનમાં જોડાયો હતો. તેમ છતાં, તેણે ઓગસ્ટ 1925 ના કાકોરી કાવતરામાં ભાગ લીધો ન હતો, તે દરમિયાન બ્રિટિશ સરકાર દ્વારા માર્ચ 1927 માં કરવામાં આવેલી હત્યાના મામલામાં તેની ધરપકડ કરવામાં આવી હતી. કાકોરી ટ્રેન લૂંટ.રામ પ્રસાદ બિસ્મિલ, અશ્ફાકુલ્લા ખાન અને રાજેન્દ્ર લાહિરીની સાથે તેમને મૃત્યુદંડની સજા ફટકારી હતી. તેમને અલાહાબાદ ડિસ્ટ્રિક્ટની મલકા / નૈની જેલમાં ફાંસી આપવામાં આવી.તે સારી રીતે દસ્તાવેજી છે કે તેમના મૃત્યુ પછી, તેના પરિવારને તેમની પુત્રીઓ માટે લગ્નસંબંધ મેળવવામાં સમસ્યાઓ સહિત સામાજિક અને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# ૩૬. સુખદેવ થાપર



સુખદેવ થાપર (૧૫ મે ૧૯૦૭ – ૨૩ માર્ચ ૧૯૩૧) ભારતીય ક્રાંતિકારી હતા. તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રીપબ્લિકન એશોશિએટ્સના અગ્રણી સભ્ય હતા.લાલા લજપતરાય પર અંગ્રેજી સિપાહીઓએ લાઠીઓ વરસાવી અને તે ઇજાઓથી તેમનું મૃત્યુ થયું તેમનો બદલો લેવા માટે સુખદેવે ભગતસિંહ અને રાજગુરુ સાથે મળી લાહોરમાં અંગ્રેજ અમલદાર જે.પી.સૌંડર્સ (J.P. Saunders)ની ગોળી મારીને હત્યા કરી, આ ઔતિહાસિક કેસમાં તેમને અંગ્રેજો દ્વારા ફાંસીની સજા કરાઇ અને માર્ચ ૨૩, ૧૯૩૧ નાં રોજ તે ત્રણે વીર ક્રાંતિકારીઓને ફાંસી અપાઇ.

# ૩૭. ઉધમસિંગ




ઉધમસિંહનો જન્મ ૨૬ ડિસેમ્બર ૧૮૯૯માં પંજાબના સંગરૂર જિલ્લાના સુનામ ગામમાં થયો હતો. ૧૯૦૧માં ઉધમસિંહના માતા અને ૧૯૦૭માં તેમના પિતાનું અવસાન થઇ ગયું. આ ઘટનાના લીધે ઉધમસિંહને તેમના મોટાભાઈ સાથે અમૃતસરના અનાથાશ્રમમાં રહેવું પડ્યું. ઉધમસિંહનું બાળપણનું નામ શેરસિંહ અને તેમના ભાઈનું નામ મુક્તાસિંહ હતું. જેમને અનાથાશ્રમમાં અનુક્રમે ઉધમસિંહ અને સાધુસિંહ નવા નામ મળ્યા. ઉધમસિંહ સર્વધર્મના પ્રતીક સમાન હતા. એટલા માટે જેલવાસ દરમિયાન તેમણે પોતાનું નામ બદલીને "રામ મોહમ્મદ સિંહ આઝાદ" રાખ્યું હતું જે ભારતના પ્રમુખ ધર્મોના પ્રતિક છે.અનાથાશ્રમમાં ઉધમસિંહનું જીવન પસાર થઇ રહ્યું હતું ત્યાંજ ૧૯૧૭માં તેમના ભાઈનું અવસાન થઇ ગયું અને તેઓ બધી રીતે અનાથ થઇ ગયા. ૧૯૧૯માં તેમણે અનાથાશ્રમ છોડી દીધું અને ક્રાન્તિકારીઓની સાથે મળી દેશની આઝાદીની ચળવળમાં ભળી ગયા.

# ૩૮. રાજકુમારી અમૃત કૌર



રાજકુમારી અમૃત કૌર (૨ ફેબ્રુઆરી ૧૮૮૯ – ૬ ફેબ્રુઆરી ૧૯૬૪) ભારતીય રાજનેતા અને સામાજીક કાર્યકર્તા હતા. ભારતીય સ્વતંત્રતા ચળવળમાં તેમની ભૂમિકા અને સહયોગ બદલ તેઓ ૧૯૪૭માં ભારતના પ્રથમ આરોગ્ય પ્રધાન તરીકે નિમાયા અને ૧૯૫૭ સુધી આ પદ પર રહ્યા. તેમના કાર્યકાળ દરમિયાન, કૌરે ભારતમાં અનેક આરોગ્ય વિષયક સુધારાની શરૂઆત કરી હતી. આરોગ્યક્ષેત્રમાં તેમના યોગદાન અને મહિલા અધિકારોની હિમાયત માટે તેમને બહોળા પ્રમાણમાં યાદ કરવામાં આવે છે. તેઓ ભારતીય બંધારણ સભાના સભ્ય પણ હતા.

# ૩૯. દુર્ગાબાઈ દેશમુખ




દુર્ગાબાઈ દેશમુખ (૧૫ જુલાઇ ૧૯૦૯ – ૯ મે ૧૯૮૧) સ્વાતંત્ર્યસેનાની, વકીલ, રાજનેતા અને સામાજીક કાર્યકર્તા હતા. તેઓ ભારતીય સંવિધાન સભા અને યોજના આયોગના સદસ્ય હતા.સામાજીક કાર્યકર્તા તરીકે ૧૯૩૭માં મહિલાઓની સ્વતંત્રતા માટે આંધ્ર પ્રદેશ મહિલા સભાની સ્થાપના કરી. તેઓ કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડના સંસ્થાપક પણ હતા. ૧૯૫૩માં તેમના લગ્ન ભારતીય રિઝર્વ બેન્કના પ્રથમ ગવર્નર અને ૧૯૫૦–૧૯૫૬ દરમિયાન ભારતના નાણામંત્રી રહી ચૂકેલા સી. ડી. દેશમુખ સાથે થયાં હતા.૧૯૨૩માં તેમના વતન કાકીનાડા ખાતે યોજાયેલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં સ્વયંસેવક તરીકે હાજરી આપી તથા ખાદી પ્રદર્શનના પ્રભારી તરીકેની જવાબદારી સંભાળી.અંગ્રેજો વિરુદ્ધની આઝાદીની લડતમાં તેઓ મહાત્મા ગાંધીના અનુયાયી હતા.તેઓ એક પ્રમુખ સમાજ સુધારક હતા જેમણે સવિનય અવજ્ઞા આંદોલન દરમિયાન ગાંધીજીના નેતૃત્ત્વમાં આયોજીત મીઠાના કાયદા વિરૂદ્ધની સત્યાગ્રહ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.૧૯૩૦ થી ૧૯૩૩ના સમયગાળા દરમિયાન અંગ્રેજ સરકાર દ્વારા તેમની ત્રણ વાર ધરપકડ કરી કારાવાસની સજા ફરમાવવામાં આવી.

# ૪૦. સરલા દેવી



સરલા દેવી (૧૯ ઓગસ્ટ ૧૯૦૪ – ૪ ઓક્ટોબર ૧૯૮૬) ભારતીય સ્વતંત્રતા કાર્યકર, નારીવાદી, સામાજિક કાર્યકર, રાજકારણી અને લેખક હતાં. ૧૯૨૧માં અસહકાર આંદોલનમાં જોડાનાર તે પ્રથમ ઉડિયા મહિલા હતાં. તેઓ ૧ એપ્રિલ ૧૯૩૬ના રોજ ઓરિસ્સા વિધાનસભામાં ચૂંટાયેલ પ્રથમ મહિલા બન્યા હતા. ઉપરાંત ઓરિસ્સા વિધાનસભાના પ્રથમ મહિલા સ્પીકર, કટક સહકારી બેંકના પ્રથમ મહિલા નિદેશક, ઉત્કલ વિશ્વવિદ્યાલયના પ્રથમ મહિલા સેનેટ સભ્ય અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ ઉડિયા મહિલા પ્રતિનિધિ પણ હતા. તેઓ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના શિક્ષણ આયોગમાં ઓડિશાના એકમાત્ર પ્રતિનિધિ હતા.૧૯૨૧માં મહાત્મા ગાંધીની ઓરિસ્સાની પ્રથમ મુલાકાત બાદ કોંગ્રેસમાં સામેલ થયા હતાં.

# ૪૧. પાંડુરંગ મહાદેવ બાપટ



પાંડુરંગ મહાદેવ બાપટ (૧૨ નવેમ્બર ૧૮૮૦ - ૨૮ નવેમ્બર ૧૯૬૭) અથવા સેનાપતિ બાપટ એ ભારતીય સ્વતંત્રતા ચળવળના એક સેનાની હતા. મુળશી સત્યાગ્રહ દરમિયાન તેમના નેતૃત્વના પરિણામે તેમણે સેનાપતિની પદવી પ્રાપ્ત કરી. ૧૯૭૭ માં, ભારત સરકારે તેમના સ્મરણાર્થે એક ટપાલ ટિકિટ જારી કરી.ઈ.સ. ૧૯૧૨ માં, બોમ્બ વિસ્ફોટ સંબંધે તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને કારાવાસની સજાની આપવામાં આવી.રિચાર્ડ કેશમેનના કહેવા મુજબ, તે ઈ.સ. ૧૯૧૫ સુધીમાં છૂટી ગયા હતા, અને તેઓ એક "અનુભવી ક્રાંતિકારી" હતા.જેઓ ભારતીય સ્વતંત્રતાને ટેકો આપતી સ્થાનિક સંસ્થાઓની સ્થાપનાના કાર્ય કરનાર બાળ ગંગાધર ટિળકના પ્રયત્નો સાથે જોડાયેલા હતા.

# ૪૨. મહાદેવભાઇ દેસાઇ




મહાદેવભાઈ હરિભાઈ દેસાઈ (૧ જાન્યુઆરી, ૧૮૯૨ - ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૨) સ્વતંત્રતા સેનાની અને પ્રખર રાષ્ટ્રવાદી તેમ જ ચરિત્રલેખક, ડાયરીલેખક, અનુવાદક હતા. તેઓ મહાત્મા ગાંધીનાં અંગત મદદનીશ તરીકે વધુ જાણીતા થયા.તેમનો જન્મ સરસ (મુળગામ દિહેણ) (જિ. સુરત)માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ જુદાં જુદાં ગામોમાં કર્યા બાદ માધ્યમિક શિક્ષણ સુરત અને ઉચ્ચશિક્ષણ મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં સંપન્ન કર્યું. બી.એ. એલએલ. બી. થઈ અમદાવાદમાં વકીલાતનો આરંભ કરેલો પણ સફળ ન થતાં સરકારી ખાતામાં જોડાયેલા. ત્યારબાદ ગાંધીજીથી પ્રભાવિત થઈને ૧૯૧૭ થી તેમના અંતેવાસી બન્યા. તેમને સાહિત્ય અકાદમીનો ૧૯૫૫નો પુરસ્કાર અર્પણ થયો હતો.૧૯૪૨માં કારાવાસમાં હૃદય બંધ પડવાથી પૂના ખાતે તેમનું અવસાન થયું હતું.

# ૪૩. લક્ષ્મી સહેગલ




લક્ષ્મી સહેગલ(જન્મ લક્ષ્મી સ્વામિનાથન) (૨૪ ઑક્ટોબર ૧૯૧૪ - ૨૩ જુલાઈ, ૨૦૧૨) ભારતીય સ્વાતંત્ર્ય ચળવળના ક્રાંતિકારી, ભારતીય રાષ્ટ્રીય સૈન્યના અધિકારી, અને આઝાદ હિન્દ સરકારમાં મહિલા બાબતોના પ્રધાન હતા. સહેગલને ભારતમાં સામાન્ય રીતે "કેપ્ટન લક્ષ્મી" તરીકે ઓળખવામાં આવે છે, બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન બર્મામાં કેદી બનાવવામાં આવતા તેણીના નામનો પદ સહિત આ રીતે ઉલ્લેખ થયો હતો.

# ૪૪. હસરત મોહાની




હસરત મોહાની (૧૪ ઑક્ટોબર ૧૮૭૮ - ૧૩ મે ૧૯૫૧) એક ભારતીય કાર્યકર, ભારતીય સ્વતંત્રતા ચળવળના સ્વતંત્ર સેનાની, ભારતની કમ્યુનિસ્ટ પાર્ટીના નેતા અને ઉર્દૂ ભાષાના જાણીતા કવિ હતા. તેમણે ઈ.સ. ૧૯૨૧માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અમદાવાદ સત્રમાં ઇન્કલાબ ઝિંદાબાદ ("ક્રાંતિ લાંબી જીવો!") નું સૂત્ર આપ્યું. સ્વામી કુમારાનંદ સાથે મળીને ઈ. સ. ૧૯૨૧ માં ભારત માટે પૂર્ણ સ્વરાજની માંગણી કરનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા.મોહનીએ ભારતીય સ્વતંત્રતાની લડતમાં ભાગ લીધો અને અંગ્રેજોએ તેમને ૧૯૦૩માં લાંબા સમય મટે જેલમાં પુર્યા હતા. તે સમયે રાજકીય કેદીઓને સામાન્ય ગુનેગારોની જેમ માનવામાં આવતા હતા અને મજૂરી કરવાની ફરજ પડતી હતી.

# ૪૫. અસફ અલી



અસફ અલી (૧૧ મે ૧૮૮૮- ૨ એપ્રિલ ૧૯૫૩) એક ભારતીય સ્વતંત્ર સેનાની અને જાણીતા ભારતીય વકીલ હતા. તેઓયુનાઇટેડ સ્ટેટ્સમાં ભારતના પ્રથમ રાજદૂત હતા. તેમણે ઑડિશાના રાજ્યપાલ તરીકે પણ કામ કર્યું.ઈ.સ. ૧૯૧૪માં, તુર્કસ્તાન (ઓટ્ટોમન સામ્રાજ્ય) પર બ્રિટિશ હુમલાની ભારતીય મુસ્લિમ સમુદાય પર મોટી અસર થઈ. અસફ અલીએ તુર્કી પક્ષને ટેકો આપ્યો અને પ્રીવી કાઉન્સિલમાંથી રાજીનામું આપ્યું. તેમણે આને અસહકારના કૃત્ય તરીકે જોયું અને ડિસેમ્બર ૧૯૧૪ માં ભારત પાછા ફર્યા. ભારત પાછા ફર્યા પછી અસફ અલી રાષ્ટ્રવાદી આંદોલનમાં ભારે ભાગ લેતા થયા.મુસ્લિમ રાષ્ટ્રવાદી પક્ષના સભ્ય તરીકે તેઓ ૧૯૩૫માં કેન્દ્રીય વિધાનસભામાં ચૂંટાયા હતા. તે પછી તેઓ કોંગ્રેસના સભ્ય તરીકે નોંધપાત્ર બન્યા અને તેના ઉપ-નેતા નિમાયા.

# ૪૬. અબ્બાસ તૈયબજી



અબ્બાસ તૈયબજી (૧ ફેબ્રુઆરી ૧૮૫૪ – ૯ જૂન ૧૯૩૬) ભારતીય સ્વાંતંત્ર્ય સેનાની અને મહાત્મા ગાંધીના એક સહયોગી હતા. તેમણે વડોદરા રાજ્યના મુખ્ય ન્યાયાધીશ તરીકે પણ કાર્ય કર્યું હતું.અબ્બાસ તૈયબજીએ મહાત્મા ગાંધી સાથે ૧૯૧૭માં ગોધરા ખાતે આયોજીત એક સામાજીક સંમેલનમાં ભાગ લીધો હતો. તે સમયે તેઓ પશ્ચિમી જીવનશૈલી અને અંગ્રેજી અભિગમના અગ્રણી સ્વરૂપે જોવામાં આવતા હતા. ૧૯૧૯માં જલિયાંવાલા બાગ હત્યાકાંડની ઘટના બાદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા એક સ્વતંત્ર તપાસ સમિતિની રચના કરવામાં આવી જેના અધ્યક્ષ તરીકે તૈયબજીની વરણી કર્યા બાદ તેમનામાં બદલાવ જોવા મળ્યો. જનરલ ડાયર દ્વારા કરાયેલ આ હત્યાકાંડના સેંકડો સાક્ષીઓની જુબાની સાંભળીને તેઓ મહાત્મા ગાંધીના અનુયાયી બન્યા અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ઉદ્દેશોને સમર્થન આપ્યું.

# ૪૭. અબ્દુલ કલામ આઝાદ



અબુલ કલામ આઝાદ ( ૧૧ નવેમ્બર ૧૮૮૮ - ૨૨ ફેબ્રુઆરી ૧૯૫૮) જેઓ મૌલાના આઝાદ તરીકે જાણીતા છે, એક ભારતીય મુસ્લિમ વિદ્વાન અને ભારતીય સ્વતંત્રતા ચળવળના એક વરિષ્ઠ રાજકીય નેતા હતા.તેઓ એક અગ્રણી મુસ્લિમ નેતા હતા જેઓ હિન્દુ-મુસ્લિમ એકતા પર ભાર મુકતાઅને કોમી ધોરણે ભારતના ભાગલાના પ્રખર વિરોધી હતા. ભારતની સ્વતંત્રતા બાદ તેઓ ભારત સરકારમાં પ્રથમ શિક્ષણ પ્રધાન બન્યા હતા. તેમણે સ્વતંત્રતા પહેલા કરેલી આગાહી માટે પણ તેઓ જાણીતા છે જેમાં તેમણે કહ્યું હતું કે ભવિષ્યમાં પાકિસ્તાનના ભાગલા પડશે અને ત્યાં લશ્કરી શાસન આવશે. તેમને ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન (મરણોત્તર) ૧૯૯૨માં આપવામાં આવ્યું હતુ. તેમને સામાન્ય રીતે મૌલાના આઝાદ તરીકે યાદ કરવામાં આવે છે. તેમણે તેમના ઉપનામ (તખ્લ્લુસ) તરીકે આઝાદ નામ અપનાવ્યું હતું. ભારતમાં શિક્ષણનો પાયો સ્થાપિત કરવા માટે નોંધપાત્ર યોગદાન આપવા બદલ સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણ દિન તરીકે તેમનાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે.

# ૪૮. કસ્તુરબા ગાંધી



કસ્તુરબા અથવા કસ્તુર મોહનદાસ ગાંધી (૧૧ એપ્રિલ ૧૮૬૯ –૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪), જેમને પ્રેમથી બધા "બા" કહેતા, તેઓ મહાત્મા ગાંધીના ધર્મપત્ની હતા. તેમના લગ્ન ૧૩ વર્ષની ઉંમરે થયા હતા. લગ્ન સમયે તેઓ નિરક્ષર હતા, બાદમાં ગાંધીજીએ તેમને લખતા-વાંચતા શીખવ્યું.

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત દરમિયાન બાએ મહિલા સત્યાગ્રહીઓનું નેતૃત્ત્વ પણ કરેલું. જ્યારે 9 જાન્યુઆરી 1915ના રોજ ભારત પરત આવ્યા પછી બાપુએ સ્થાપેલા સાબરમતી આશ્રમની વ્યવસ્થા બાએ જ સંભાળી હતી. ગાંધીજીએ નોંધ્યું છે કે, એમનામાં એક ગુણ સૌથી સારો હતો કે જે દરેક હિન્દુ પત્નીમાં ઓછાવત્તા અંશે હોય જ છે- ઈચ્છા કે અનિચ્છાએ એ મારા પદચિહ્નો પર ચાલવામાં ધન્યતા અનુભવતા હતા. ગાંધીજીએ ભારતની સ્વતંત્રતા માટે જે કોઈ પણ આંદોલનો શરુ કર્યા એમાં કસ્તૂરબાએ પણ એક સજ્જ સૈનિક તરીકે ભાગ લીધો. દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા પછી ગાંધીજીએ સ્થાપેલા આશ્રમ અને એના રસોડાની જવાબદારી એમણે સ્વીકારી લીધી.

# ૪૯. મોરારજી દેસાઈ



મોરારજી દેસાઈ (ફેબ્રુઆરી ૨૯, ૧૮૯૬ – એપ્રિલ ૧૦, ૧૯૯૫) (આખું નામ: મોરારજી રણછોડજી દેસાઈ) ભારત દેશના સ્વાતંત્ર્ય સેનાની અને ચોથા વડાપ્રધાન (ઇ. સ. ૧૯૭૭થી ૭૯) હતા. તેઓ એવા પ્રથમ વડાપ્રધાન હતા કે જેઓ ભારતીય રાષ્ટ્રીય કાંગ્રેસના બદલે અન્ય કોઇ રાજકીય પક્ષમાંથી ચુંટાયા હતા. તેમણે સરકારમાં કેટલાય મહત્વના હોદ્દાઓ સંભાળ્યા હતા, જેવાંકે, મુંબઇ રાજ્યનાં મુખ્યમંત્રી, ગૃહ પ્રધાન, નાણા પ્રધાન અને ભારતના નાયબ વડાપ્રધાન. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે, મોરારજી દેસાઇ તેમના શાંતિ માટેનાં પ્રયત્નો અને દક્ષિણ એશિયાના બે દુશ્મન દેશો ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ માટેના પ્રયત્નો માટે જાણીતા છે. ૧૯૭૪માં ભારતના પ્રથમ અણુધડાકા પછી, મોરારજીભાઈએ ચીન અને પાકિસ્તાન સાથે મૈત્રીભર્યા સંબંધો સ્થાપિત કરવામાં ભાગ ભજવ્યો હતો અને ભારત-પાકિસ્તાનનાં ૧૯૭૧ યુધ્ધ જેવી પરિસ્થિતી નીવારી હતી.

# ૫૦. ચિત્તરંજન દાસ



ચિતરંજનદાસ(૫ નવેમ્બર ૧૮૭૦ - ૧૬ જૂન ૧૯૨૫) બંગાળનાં જાણીતા વકીલ અને ભારતીય સ્વતંત્રતા સંગ્રામનાં એક પ્રમુખ કાર્યકર્તા તેમજ સ્વરાજ પાર્ટીના સંસ્થાપક નેતા હતા. તેઓ "દેશબંધુ" ના નામે પણ જાણીતા હતા. તેઓ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે અહિંસા અને સંવૈધાનિક પદ્ધતિમાં વિશ્વાસ ધરાવતા હતા તથા હિંદુ-મુસ્લિમ એકતા, સહયોગ અને સાંપ્રદાયિક સદ્ભાવની તરફેણ કરતા હતા. મહાત્મા ગાંધીના જૂથના નો કાઉન્સિલ એન્ટ્રી ઠરાવને અનુમોદન ન મળતાં તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ગયા ખાતેના અધિવેશનમાં અધ્યક્ષપદેથી રાજીનામું આપી દીધું. ૧૯૨૩માં તેમણે મોતીલાલ નહેરૂ તથા હુસૈન શહીદ સુહરાવર્દીના સહયોગથી સ્વરાજ પાર્ટીની સ્થાપના કરી.

# ૫૧. ડૉ. જીવરાજ મહેતા



ડો. જીવરાજ નારાયણ મહેતા ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી હતા.ઈ.સ. ૧૯૩૦માં ગાંધીજીના નેતૃત્વ હેઠળ સ્વાતંત્ર્યસંગ્રામ ખેડાયો ત્યારે મુંબઈ શહેર સંગ્રામ સમિતિની ઉચ્ચ ભીતરી સમિતિના તેઓ સભ્ય હતા અને લડતના સંચાલનમાં મહત્વનો ફાળો આપ્યો હતો.ગાંધીજીને પણ તેમણે તબીબી સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૪૨માં 'હિંદ છોડો' આંદોલનમાં પણ તેમણે બીજી વાર જેલવાસ ભોગવ્યો. ઈ.સ. ૧૯૪૬ થી ૧૯૪૮ સુધી તેઓ મુંબઈ ધારાસભાના સભ્ય રહ્યા હતા. ઈ.સ. ૧૯૪૯ થી ૧૯૫૦ સુધી મુંબઈ રાજ્યના પ્રધાનમંડળમાં સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૫૨ થી ૧૯૬૦ સુધી તેઓ નાણાંપ્રધાન રહ્યા હતા. ઈ.સ. ૧૯૬૦માં પહેલી મે ના રોજ ગુજરાતનું અલગ રાજ્ય થયું ત્યારે તેઓ ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બન્યા. ગુજરાતના પ્રશ્નો ઊંડો અભ્યાસ કરી વિવિધ પ્રશ્નો એક પછી એક હલ કર્યા.

# ૫૨. ઉષા મહેતા



ઉષા મહેતા (૨૫ માર્ચ ૧૯૨૦; ૧૧ ઑગસ્ટ ૨૦૦૦) એ એક ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની અને સમાજ સેવિકા હતા. ઈ.સ ૧૯૪૨ ના ભારત છોડો આંદોલન સમયે તેમણે રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ના છૂપા કે ભૂમિગત રેડિયો ચલાવવામાં યોગદાન આપ્યું હતું. ઈસ. ૧૯૯૮માં ભારત સરકારે તેમને ભારતનો બીજો સૌથી ગૌરવશાળી પુરસ્કાર, પદ્મવિભૂષણનો ખિતાબ આપ્યો હતો.


# ૫૩. ભક્તિબા દેસાઈ



ભક્તિલક્ષ્મી ગોપાળદાસ દેસાઈ અથવા ભક્તિબા એ એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતાં. ભારત સાથે સ્વેચ્છાએ અને બિનશરતી વિલિનીકરણમાં સહમતી આપનાર ૫૫૦ રજવાડામાંના પહેલા રાજા એવા ગાંધીવાદી ગોપાળદાસ અંબઈદાસ દેસાઈના તેઓ ધર્મપત્ની હતાં.


ઈ.સ. ૧૯૨૧ના રાષ્ટ્રીય મહાસભા(કોંગ્રેસ)ના અમદાવાદ અધિવેશનમાં તેમણે સક્રિય ભાગ ભજવ્યો હતો. ઈસ. ૧૯૨૩ના બોરસદ સત્યાગ્રહ અને નાગપુરના ધ્વજ સત્યાગ્રહમાં તેમણે જનતા સાથે ભાગ લીધો હતો. ઈ.સ. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહમાં શરૂઆતમાં સ્ત્રીઓ આગળ આવવા શરમાતી હતી. ભક્તિબાએ મણિબેન પટેલ અને મીઠુબેન પેટીટ સાથે મળી તેમને આગળ આવવા પ્રેરણા આપી અને આગળ જઈ સ્ત્રીઓની સંખ્યા પુરુષોથી પણ વધી ગઈ.

# ૫૪. ભુલાભાઈ દેસાઈ



ભુલાભાઈ દેસાઈ (૧૩ ઑક્ટોબર ૧૮૭૭ – ૬ મે ૧૯૪૬) એ એક જાણીતા વકીલ અને ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા. બીજા વિશ્વ વિગ્રહ સમયે ભારતીય રાષ્ટ્રીય સેનાના ત્રણ સૈનિકો પર રાજદ્રોહનો આરોપ મુકવામાં આવ્યો હતો, તેના બચાવ પક્ષની કામગિરી માટે તેઓ જાણીતા બન્યા.ઍની બેસંટના ઑલ ઈંડિયા હોમ રુલ લીગમાં જોડાઈને તેમણે પોતાની રાજનૈતિક કારકિર્દીની શરૂઆત કરી. બ્રિટિશ વગ હેઠળકાર્ય કરતી ઈંડિયન લિબરલ પાર્ટીમાં પણ તેઓ જોડાયા પરંતુ તેઓ ૧૯૨૮ના ભારતના બંધારણના સુધારા સુચવવા આવેલા સાયમન કમીશનના વિરોધમાં રહ્યા. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ બાદ બ્રિટિશ સરકારે એક તપાસ કમિશન નીમ્યું હતુ. ભુલાભાઈ દેસાઈ આ તપાસમાં ખેડૂતોના પ્રતિનિધી બન્યા હતા. આ સાથે તેમનો ભારતીય રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ) સાથે સંબંધ શરૂ થયો.


# ૫૫. ભગવતીચરણ વોહરા




ભગવતી ચરણ વોહરા (૧૫ નવેમ્બર ૧૯૦૩ - ૨૮ મે ૧૯૩૦) એક ભારતીય ક્રાંતિકારી હતા, જે હિન્દુસ્તાન સોશ્યાલીસ્ટ રિપબ્લિકન એસોસિએશન સાથે સંકળાયેલા હતા. તે એક વિચારધારક, આયોજક, વક્તા અને અભિયાનકાર હતા.

વોહરાએ ૧૯૨૧ માં સત્યાગ્રહ ચળવળમાં જોડાવા માટે કૉલેજ છોડી દીધી હતી, અને આ આંદોલન બંધ થયા પછી, લાહોરની નેશનલ કૉલેજમાં જોડાયા, જ્યાં તેમણે બી.એ.ની ડિગ્રી મેળવી. અહીંજ તેઓ ક્રાંતિકારી આંદોલનમાં જોડાયા. તેમણે ભગત સિંહ અને સુખદેવ સાથે મળીને રશિયન સમાજવાદી ક્રાંતિના આધાર પર એક અભ્યાસ વર્તુળ શરૂ કર્યો.વોહરા એક ઉત્સાહી વાચક હતા. તેમણે જે સંસ્થાઓ સાથે કામ કર્યું હતું તેના કાર્યકારી મૂળમાં બૌદ્ધિક વિચારધારાનો ભંગ કરવામાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેઓ જાતિના પૂર્વગ્રહોથી પ્રભાવિત ન હતા અને તેમણે હિન્દુ-મુસ્લિમ એકતા તેમજ સમાજવાદી સિદ્ધાંતોનો ઉપયોગ કરીને ગરીબોના ઉત્થાન માટે કામ કર્યું.

# ૫૬. બારિન્દ્રકુમાર ઘોષ



બારિન્દ્ર કુમાર ઘોષ અથવા બારિન્દ્ર ઘોષ અથવા લોકપ્રિય બારિન ઘોષ (૫ જાન્યુઆરી ૧૮૮૦ – ૧૮ એપ્રિલ ૧૯૫૯) એ ભારતીય ક્રાંતિકારી અને પત્રકાર હતા. તેઓ બંગાળના ક્રાંતિકારી સંગઠન જુગાંતરના સહ-સંસ્થાપક હતા. તેઓ શ્રી અરવિંદના નાના ભાઈ હતા.

૩૦ એપ્રિલ ૧૯૦૮ના રોજ ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકી દ્વારા કિંગ્સફોર્ડની હત્યાના પ્રયાસ બાદ પોલીસે તેની તપાસને પગલે ૨ મે ૧૯૦૮ના દિવસે બારિન્દ્ર ઘોષ અને અરવિંદ ઘોષ સહિત ૩૪ ક્રાંતિકારીઓને ગિરફ્તાર કર્યા હતા.[૧] આ મુકદ્દમામાં (જે અલીપોર બોમ્બ કાંડ તરીકે પણ પ્રખ્યાત છે) બારિન ઘોષ અને ઉલ્લાસકર દત્તાને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી જે પાછળથી આજીવન કારાવાસમાં રૂપાંતર કરવામાં આવી હતી. ૧૯૦૯માં દેશબંધુ ચિતરંજનદાસ અને બારિન ઘોષ સહિત અન્ય દોષિતોને અંદામાનની સેલ્યુલર જેલમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા.

# ૫૭. વિઠ્ઠલભાઈ પટેલ




વિઠ્ઠલભાઈ પટેલ (૨૭ સપ્ટેમ્બર ૧૮૭૩ - ૨૨ ઓક્ટોબર ૧૯૩૩) એ એક ભારતીય ધારાસભ્ય અને રાજકીય નેતા હતા, તેમણે સ્વરાજ પાર્ટી નામનો પક્ષ સ્થાપ્યો હતો. તેઓ સરદાર પટેલ ના મોટા ભાઈ હતા.તેઓ ક્યારેય પૂર્ણ રીતે ગાંધીજીની નેતા વિચારધારાના સમર્થક ન હતા. તેમ છતાં તેઓ કૉંગ્રેસની સ્વાતંત્ર્ય માટેની લડતમાં જોડાયા. તેમને કોઈ ક્ષેત્રીય જનાધાર નહતો તેમ છતાં પણ ઉગ્ર ભાષણો અને જ્વલંત લેખનો થકી તેઓ એક વગ ધરાવતા નેતા બન્યા હતા. ૧૯૨૨માં ચૌરી ચૌરા કાંડ પછી જ્યાંરે ગંધીજીએ સ્વાતંત્ર્યની ચળવળ પડતી મૂકી ત્યારે પટેલે કૉંગ્રેસ છોડી અને ચિત્તરંજનદાસ અને મોતીલાલ નહેરૂ સાથે મળી સ્વરાજ્ય પાર્ટીની સ્થાપના કરી. આ પાર્ટીનો ઉદ્દેશ ધારાસભાઓમાં બહુમતી મળવી ધારાસભા થકી સત્તા ઉથલાવી પાડવાનો હતો. અલબત્ આ પાર્ટી માત્ર કૉંગ્રેસમાં ભાગલા પાડવા પૂરતી જ સફળ રહી અને છેવટે તેમાં પણ ભાગલા પડ્યા. તેમ છતાં અસહકારની ચળવળ બંધ પડ્યા પછી રાષ્ટ્રમાં વ્યાપેલા ગાંધીજીના વિરોધીઓમાં વિઠ્ઠલભાઈ પટેલ એક પ્રમુખ અવાજ બની રહ્યા.

# ૫૮. પૂર્ણિમાબેન પકવાસા




પૂર્ણિમાબેન અરવિંદભાઈ પકવાસા (જન્મ: ૫ ઓક્ટોબર, ૧૯૧૩ – અવસાન: ૨૫ એપ્રિલ, ૨૦૧૬) ડાંગના દીદી તરીકે ઓળખાતા હતા તેમ જ તેણી એક ભારતીય સામાજિક કાર્યકર હતા અને ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લામાં તેમની કર્મભૂમિ હતી. તેણી મંગલદાસ પકવાસાનાં પુત્રવધૂ હતા. તેમની પુત્રી સોનલ માનસિંહ જાણીતા નૃત્યાંગના છે.૧૮ વર્ષની ઉંમરે દાંડી કૂચમાં તેમણે ભાગ લીધો હતો, જે તેણીનું પ્રથમ સ્વતંત્રતા આંદોલન હતું. આ દરમિયાન તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેણીના સાથી-કેદી તરીકે જેલમાં કસ્તુરબા ગાંધી હતાં. પૂર્ણિમાબેને એમને અંગ્રેજી ભાષામાં વાંચવા અને લખવા માટે શીખવ્યું હતું. મહાત્મા ગાંધીએ તેણીના આ કાર્યને બિરદાવ્યું હતું તથા તેણીને શિક્ષણકાર્ય ચાલુ રાખવા માટે આશીર્વાદ આપ્યા હતા. ૧૯૫૬ના વર્ષમાં તેમણે શક્તિદળની શરૂઆત કરી, જે સ્ત્રીઓ માટે સાંસ્કૃતિક, ભૌતિક અને આધ્યાત્મિક શિક્ષણનું કાર્ય કરતી એક સંસ્થા છે. પાછળથી ૧૯૬૯ના વર્ષમાં, તેનું ઋતુંભરા વિશ્વ વિદ્યાપીઠમાં રૂપાંતરણ કરવામાં આવ્યું હતું.

# ૫૯. મોતીલાલ નેહરુ



મોતીલાલ નહેરૂ આઝાદીના લડત આપનાર કોંગ્રેસના અગ્ર હરોળના નેતા હતા. તેમનો જન્મ ઇ.સ. ૧૮૬૧ માં આગ્રા મુકામે થયો હતો. તેઓ સ્વતંત્ર ભારત દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂના પિતા હતા. તેઓ ઇ. સ. ૧૯૨૯ના વર્ષમાં મળેલા કોલકાતાના કોંગ્રેસ અધિવેશનમાં સક્રિય રહેલા પીઢ નેતા પૈકીના એક હતા. ઇ. સ. ૧૯૩૧ના વર્ષમાં લખનૌ ખાતે તેમનું અવસાન થયું હતું.

# ૬૦. રવિશંકર વ્યાસ




રવિશંકર વ્યાસ (૧૮૮૪–૧૯૮૪) એ ગુજરાતના ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને સમાજ સુધારક હતાં. તેમના સમાજપયોગી કાર્યોને કારણે તેઓ પૂજ્ય રવિશંકર મહારાજ તરીકે ઓળખાયા. તેઓ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના શરૂઆતી કાળના અંતેવાસી હતાં. ૧૯૨૦ અને ૧૯૩૦ ના દશકમાં તેમણે નરહરી પરીખ અને મોહનલાલ પંડ્યા જેવા સહયોગીઓ સાથે મળીને ગુજરાતમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનું આયોજન કર્યું હતું.

# ૬૧. લાલા હરદયાળ



લાલા હરદયાળ(૧૪ ઓક્ટોબર ૧૮૮૪ – ૪ માર્ચ ૧૯૩૯) ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી હતા.તેમણે ભારતીય સિવિલ સેવાની નોકરી ઠુકરાવી દીધી હતી. તેમની સરળ રહેણી–કરણી અને બૌદ્ધિક કૌશલ્યે અમેરિકા અને કેનેડામાં રહેનારા ઘણા પ્રવાસી ભારતીયોને પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટીશ સામ્રાજ્યવાદ સામે લડવા માટે પ્રેરીત કર્યા હતા.ભારતીય ટપાલ વિભાગ દ્વારા ભારતની આઝાદી માટે સંઘર્ષ શ્રેણી અંતર્ગત ૧૩ ફેબ્રુઆરી ૧૯૮૭ના રોજ એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

# ૬૨. વિનોદ કિનારીવાલા



વિનોદ કિનારીવાલા (૧૯૨૪-૯ ઓગસ્ટ ૧૯૪૨) અમદાવાદની ગુજરાત કોલેજના વિદ્યાર્થી હતા. મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલ ભારત છોડો આંદોલનના પ્રથમ દિવસે એટલે કે ૯ ઓગસ્ટ ૧૯૪૨ ના રોજ ગુજરાત કોલેજની સામે ભારતીય ધ્વજ ફરકાવતી વખતે બ્રિટિશ અફસર દ્વારા તેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.બ્રિટિશ અફસરે તેમને ધ્વજ નીચે મૂકી દેવા કહ્યું હતું, પરંતુ કિનારીવાલાએ તેમ કરવાની ના પાડી હતી. ત્યારબાદ અફસરે ગોળી મારતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુ સમયે તેઓ ૧૮ વર્ષના હતા.

# ૬૩. યતિન્દ્રનાથ દાસ



યતિન્દ્ર નાથ દાસ(૨૭ ઑક્ટોબર ૧૯૦૪ - ૧૩ સપ્ટેમ્બર ૧૯૨૯) ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર્તા અને ક્રાંતિકારી હતા. તેમને જતીન દાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. લાહોરની જેલમાં ૬૩ દિવસની ભૂખ હડતાલ બાદ તેમનું મૃત્યુ થયું હતું.દાસની ભૂખ હડતાલ ૧૩ જુલાઈ ૧૯૨૯ ના દિવસે શરૂ થઈ હતી અને ૬૩ દિવસ સુધી ચાલી હતી. જેલ સત્તાધીશોએ તેમને અને અન્ય સ્વતંત્રતા કાર્યકરને દબાણપૂર્વક ખવડાવવાનાં પગલાં લીધાં હતાં. આખરે, જેલ સત્તાધીશોએ તેમની બિનશરતી મુક્તિની ભલામણ કરી, પરંતુ સરકારે તે સૂચન નામંજૂર કરી અને તેને જામીન પર મુક્ત કરવાનો પ્રસ્તાવ મુક્યો.

# ૬૪. બટુકેશ્વર દત્ત



બટુકેશ્વર દત્ત(૧૯૧૦–૧૯૬૫) એ ૧૯૦૦ના દાયકાની શરૂઆતમાં ભારતીય ક્રાંતિકારી અને સ્વતંત્રતા ચળવળના લડવૈયા હતા.૮ એપ્રિલ ૧૯૨૯ના દિવસે નવી દિલ્હીની સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીમાં ભગત સિંહની સાથે મળી કેટલાક બોમ્બ ધમાકા કરવા માટે તેઓ જાણીતા છે. ત્યાર બાદ તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને આજીવન કેદની સજા મળી હતી. ત્યાં તેમણે અને ભગતસિંહે ભારતીય રાજકીય કેદીઓ સાથેના થનારા અપમાનજનક વર્તનનો વિરોધ કરવા ઐતિહાસિક ભૂખ હડતાલ શરૂ કરી, અને આખરે કેદીઓ માટે કેટલાક અધિકાર મેળવ્યાં.તે હિન્દુસ્તાન સોશ્યાલીસ્ટ રિપબ્લિકન એસોસિએશનના સભ્ય પણ હતા.

# ૬૫. કલ્પના દત્ત



કલ્પના દત્ત (૨૭ જુલાઈ ૧૯૧૩ - ૮ ફેબ્રુઆરી ૧૯૯૫) (પાછળથી કલ્પના જોશી) એક ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર અને સૂર્ય સેનની આગેવાની હેઠળ યોજાયેલી સશસ્ત્ર સ્વતંત્રતા ચળવળના સભ્ય હતા, જેણે ૧૯૩૦ માં ચિત્તગોંગ (ચટગાંવ) શસ્ત્રાગાર પર દરોડો પાડ્યો હતો.બાદમાં તેઓ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીમાં સામેલ થયા અને ઈ.સ. ૧૯૪૩ માં ભારતની કમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ પૂરણચંદ જોશી સાથે લગ્ન કર્યા.૧૮ એપ્રિલ ૧૯૩૦ ના રોજ ચિત્તાગોંગ શસ્ત્રાગાર પર દરોડા પાડવામાં આવ્યા હતા. મે ૧૯૩૧ માં તેઓ સૂર્ય સેનની આગેવાની હેઠળ સશસ્ત્ર ક્રાંતિકારી જૂથ "ભારતીય રિપબ્લિકન આર્મી, ચટગ્રામ શાખા" માં જોડાયા. સપ્ટેમ્બર, ૧૯૩૧ માં સૂર્ય સેને તેને પ્રિતિલતા વાડ્ડેદારની સાથે ચિતાગોંગમાં યુરોપિયન ક્લબ પર હુમલો કરવાની જવાબદારી સોંપી. પરંતુ આ હુમલાના એક અઠવાડિયા પહેલા, તે વિસ્તારની જાસૂસી કાર્યવાહી કરતી વખતે તેણીની ધરપકડ કરવામાં આવી હતી. જામીન પર છૂટ્યા બાદ તે ભૂગર્ભમાં ગઈ હતી.

# ૬૬. પ્રિતીલતા વાડ્ડેદાર



પ્રીતિલતા વાડ્ડેદાર (૫ મે ૧૯૧૧ - ૨૩ સપ્ટેમ્બર ૧૯૩૨) ભારતીય ઉપખંડના એક બંગાળી રાષ્ટ્રવાદી ક્રાંતિકારી હતા, જેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળમાં પ્રભાવશાળી હતા.ચિત્તાગોંગ અને ઢાકામાં શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેમણે કોલકાતાની બેથુન કૉલેજમાં અભ્યાસ કર્યો અને ફિલોસોફીમાં સ્નાતક થયા. તેણી કન્ટ્રી ક્લબમાં ગોળી ચલાવી ૫ વ્યક્તિઓની હત્યા અને ૭ને ઈજા પહોંચાડવાના ક્રાંતિકારી પરાક્રમ માટે જાણીતી છે.શિક્ષિકા તરીકેના ટૂંકા ગાળાના વ્યવસાય પછી, પ્રીતિલતા સૂર્ય સેનના નેતૃત્વ હેઠળના ક્રાંતિકારી જૂથમાં જોડાયા. તેમણે ઈ.સ. ૧૯૩૨માં પહાર્તલી યુરોપિયન ક્લબ પરના હુમલામાં પંદર ક્રાંતિકારીઓની ટુકડીનું નેતૃત્વ કર્યું.આ ક્લબ બહાર પાટીયા પર લખેલું હતું કે "કૂતરાઓ અને ભારતીયોને પ્રવેશ નથી". ક્રાંતિકારીઓએ આ ક્લબને સળગાવી દીધી હતી અને બાદમાં તેમને અંગ્રેજ પોલીસે પકડ્યા હતા. ધરપકડથી બચવા માટે, પ્રીતિલતાએ સાયનાઇડનું સેવન કર્યું અને તેમનું મૃત્યુ થયું.

# ૬૭. ઈન્દુમતી બાબુજી પાટણકર



ઇંદુમતી પાટણકર (ઈન્દુતાઇ) ગ્રામીણ ભારતમાં મહારાષ્ટ્રના કેસળગાંવમાં રહેતા સ્વતંત્ર સેનાની અને લાંબા સમય સુધી કાર્યરત એવા પીઢ કાર્યકર હતા. ઇન્દુતાઇના પિતા દિનકરરાવ નિકમે ઈ.સ. ૧૯૩૦ માં શરૂ થયેલ સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધો હતો અને તેઓ સત્યાગ્રહ માટે જેલમાં ગયા ત્યારે ભાઈ વી. ડી. ચિતળે જેવા સામ્યવાદી નેતાઓને મળ્યા પછી સામ્યવાદી બન્યા હતા. ઈન્દુતાઇએ ૧૦-૧૨ વર્ષની ઉંમરે વોલ્ગા થી ગંગા જેવા પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું. તેઓ ગામમાં કોંગ્રેસના સરઘસોમાં ભાગ લેતા. તેમના ઘરે ઈન્દોલી (તા. કરાડ)માં રહી તેઓ સ્વતંત્રતા ચળવળના નેતાઓના પરિવારોને મદદ કરતા. તેમણે રાષ્ટ્ર સેવા દળમાં જવાનું શરૂ કર્યું.

# ૬૮. ભૂપેન્દ્રનાથ દત્ત




ભૂપેન્દ્રનાથ દત્ત (૪ સપ્ટેમ્બર ૧૮૮૦ - ૨૫ ડિસેમ્બર ૧૯૬૧) એક ભારતીય ક્રાંતિકારી અને પાછળથી જાણીતા સમાજશાસ્ત્રી અને માનવશાસ્ત્રી હતા . તેમણે ઋષિ ઓરોબિંદોને તેમના રાજકીય કામોમાં જોડ્યા . યુવાનીમાં, તેઓ યુગાંતર ચળવળ સાથે નજીકથી સંકળાયેલા હતા. ઈ. સ. ૧૯૦૭માં તેમની ધરપકડ અને કેદની સજા થયા સુધી તેમણે યુગાન્તર પત્રિકાના સંપાદક તરીકે ફરજ બજાવી હતી. તેની પછીની ક્રાંતિકારી કારકીર્દિમાં તેઓ ભારત-જર્મન ષડયંત્રના ખાનગી વિશ્વસ્થ હતા. સ્વામી વિવેકાનંદ તેમના મોટા ભાઈ હતા . એશિયાટિક સોસાયટી દ્વારા આજે તેમના માનમાં ડો ભૂપેન્દ્રનાથ દત્ત સ્મારક પ્રવચન યોજાય છે.ઈ.સ. ૧૯૦૭ માં, દત્તની બ્રિટિશ પોલીસે રાજદ્રોહના આરોપ હેઠળ ધરપકડ કરી હતી અને તેને એક વર્ષની કેદની સજા કરવામાં આવી હતી.

# ૬૯. માતંગિની હઝરા



માતંગિની હઝરા (૧૭ નવેમ્બર ૧૮૭૦- ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૨) એક ભારતીય ક્રાંતિકારી હતા. તેમણે પોતાના મૃત્યુ પર્યંત ભારતીય સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો હતો. બ્રિટિશ ઇન્ડિયન પોલીસ દ્વારા તમલુક પોલીસ સ્ટેશન સામે (તે સમયના મિદનાપુર જિલ્લામાં) તેમના પર ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૨ ના દિવસે ગોળી ચલાવવામાં આવી હતી. તેમને પ્રેમથી ગાંધી બૂરી (ગાંધી બુઢ્ઢી, વૃદ્ધ ગાંધી મહિલા માટેનો બંગાળી શબ્દ ) તરીકે જાણીતી હતી.તેને ગોળી વાગી હોવા છતાં તેણી વંદે માતરમ્, "માતૃભૂમિનો જયકાર" રટતી રહી. તેણીએ રાષ્ટ્રિય કોંગ્રેસના ધ્વજને પછી પણ ઉંચો ફરતો રાખ્યો.

# ૭૦. પંડિત પરમાનંદ




ભાઈ પરમાનંદ અથવા પંડિત પરમાનંદ: (જન્મ – નવેમ્બર 4, 1876 – મૃત્યુ 8 ડિસેમ્બર, 1947) ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન ક્રાંતિકારી હતા. તે બહુભાષી વ્યક્તિત્વ ધરાવનારા એક મહાન માણસ હતા. પરમાનંદજી આર્ય સમાજ અને વૈદિક ધર્મના સાચા પ્રચારક હતા, તો બીજી તરફ તેમણે ઇતિહાસકાર, સાહિત્યકાર અને પ્રખ્યાત શિક્ષણવિદ્ તરીકે પણ નામના મેળવી હતી. ભારતની આઝાદીમાં મુખ્ય ભૂમિકા ભજવનારા સરદાર ભગતસિંહ, સુખદેવ, રામપ્રસાદ બિસ્મિલ અને કરતારસિંહ જેવા કેટલા દેશભક્ત યુવાનોએ તેમની પાસેથી પ્રેરણા મળી હતી.

# ૭૧. ગોવિંદવલ્લભ પંત



ગોવિંદ વલ્લભ પંત: (જન્મ 10 સપ્ટેમ્બર 1887; અવસાન: 7 માર્ચ 1961) ઉત્તરપ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી અને સ્વાતંત્ર્ય સેનાની હતા. તેમનું મુખ્ય પ્રધાનપદ 15 ઓગસ્ટ, 1947 થી 27 મે 1954 સુધી ચાલ્યુ હતું. બાદમાં તેઓ ભારતના ગૃહ પ્રધાન પણ બન્યા (1955 -1961). ભારતીય બંધારણમાં, હિન્દી ભાષાને રાષ્ટ્રીય ભાષાનો દરજ્જો અપાવવા અને જમીદારી પ્રણાલીને નાબૂદ કરવામાં તેમનો મુખ્ય ફાળો હતો. ભારત રત્ન તેમના સમય ગાળામાંજ પ્રદાન કરવામાં આવ્યો. બાદમાં આ સન્માન તેમને રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ દ્વારા 1947માં તેમની આઝાદીની લડતમાં ફાળો આપવા, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન અને ભારતના ગૃહ પ્રધાન તરીકેના ઉત્કૃષ્ટ કાર્ય કરવા માટે એનાયત કરાયો હતો.

# ૭૨. ચક્રવર્તી રાજગોપાલાચારી



ચક્રવર્તી રાજગોપાલાચારી (૧૦ ડિસેમ્બર ૧૮૭૮ – ૨૫ ડિસેમ્બર ૧૯૭૨), જેઓ 'રાજાજી' નામે પણ જાણીતા હતા, તેઓ ભારતના સ્વતંત્રતા સેનાની, રાજપુરૂષ, લેખક અને વકીલ હતા. તેઓ ભારતના છેલ્લા ગવર્નર જનરલ હતા. તેઓએ કોંગ્રેસનાં નેતા, મદ્રાસ પ્રેસિડેન્સીના વડા, મદ્રાસના મુખ્યમંત્રી, ભારતના ગૃહમંત્રી અને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓએ 'સ્વતંત્ર પાર્ટી' નામે પક્ષ પણ રચ્યો હતો અને ભારત રત્ન સન્માન પ્રાપ્ત કરનાર પ્રથમ લોકોમાંના એક હતા.રાજગોપાલાચારીનો જન્મ ત્યારની મદ્રાસ પ્રેસિડેન્સીના સાલેમ જિલ્લાના (જે હવે તામિલ નાડુ રાજ્યનો કૃષ્ણાગિરિ જિલ્લો છે) થોરાપલ્લી ગામે થયો હતો. તેઓએ સેન્ટ્રલ કોલેજ બેંગાલુરૂ અને પ્રેસિડેન્સ કોલેજ મદ્રાસમાં અભ્યાસ કર્યો. સને:૧૯૦૦માં તેમણે વકિલાત શરૂ કરી. રાજકારણમાં પ્રવેશતાં, પ્રથમ સાલેમ નગરપાલિકાનાં સભ્ય અને પછી પ્રમુખ બન્યા. તેઓ કોંગ્રેસમાં જોડાયા અને 'રોલેટ એક્ટ', 'અસહકારની ચળવળ', 'વાઈકોમ સત્યાગ્રહ' અને 'સવિનય કાનૂનભંગની ચળવળ'માં ભાગ લીધો.

# ૭૩. સુચેતા કૃપાલાની




સુચેતા કૃપાલાની (મઝુમદાર, ૨૫ જૂન ૧૯૦૮ - ૧ ડિસેમ્બર ૧૯૭૪ ) એક સ્વાતંત્ર્ય સેનાની અને રાજકારણી હતા. તેઓ ભારતના પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન હતા, તેમણે ૧૯૬૩ થી ૧૯૬૭ દરમિયાન ઉત્તર પ્રદેશ સરકારના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.તેમના સમકાલીન અરુણા અસફ અલી અને ઉષા મહેતાની જેમ તેઓ ભારત છોડો આંદોલન દરમિયાન આગળ આવ્યા. ત્યાર બાદ તેમણે ભારતના ભાગલા સમયે થયેલા રમખાણો વખતે મહાત્મા ગાંધી સાથે મળીને કામ કર્યું હતું. ઈ.સ. ૧૯૪૬માં તેઓ ગાંધીજી સાથે નોઆખાલી ગયા હતા. તેણી કેટલીક એવી મહિલાઓમાંની એક હતી કે જેઓ બંધારણ સભામાં ચૂંટાયા હતી અને ભારતીય બંધારણના મુસદ્દા તૈયાર કરતી પેટા સમિતિનો ભાગ હતા. તે પેટા સમિતિ ભારતના બંધારણની રૂપરેખા બનાવી. ૧૪ ઑગસ્ટ, ૧૯૪૭ ના દિવસે, જવાહરલાલ નેહરુએ તેમના પ્રખ્યાત "ટાયરેસ્ટ વિથ ડેસ્ટિની" શીર્ષકનું ભાષણ આપ્યાની થોડી મિનિટો પહેલા, તેમણે બંધારણ સભાના સ્વતંત્રતા સત્રમાં વંદે માતરમ્ ગાયું હતું.

# ૭૪. તારા રાણી શ્રીવાસ્તવ



તારા રાણી શ્રીવાસ્તવ ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા, અને મહાત્મા ગાંધીના ભારત છોડો આંદોલનનો એક ભાગ હતા.તે અને તેના પતિ ફુલેન્દુ બાબુ બિહારના સારન જિલ્લામાં રહેતા હતા.1942 માં, તેણી અને તેનો પતિ સિવાનમાં પોલીસ સ્ટેશન તરફ કૂચ તરફ દોરી રહ્યા હતા, જ્યારે પોલીસે તેમને ગોળી મારી હતી. તેમ છતાં તેણીએ કૂચ ચાલુ રાખી, પાછળથી પરત ફર્યા કે તે મરી ગયો છે. પાંચ વર્ષ પછી દેશની આઝાદી મળે ત્યાં સુધી તે આઝાદીની લડતમાં ભાગ રહી હતી.

# ૭૫. ડૉ.રાજેન્દ્ર પ્રસાદ



ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ હતા. તેઓ સ્વાતંત્ર સેનાની હતા અને કોંગ્રેસ પક્ષનાં નેતા હતા. તેઓએ ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામ માં આગળ પડતો ભાગ લીધેલ. તેમણે બંધારણ સભાના પ્રમુખ તરીકે ભારતનાં બંધારણનો મુસદ્દો તૈયાર કરેલ. તેઓએ સ્વતંત્ર ભારતની પ્રથમ સરકારમાં કેબિનેટ પ્રધાન તરીકે સેવા આપેલી.વકીલાત શરૂ કર્યાનાં થોડાજ વખતમાં રાજેન્દ્ર પ્રસાદ આઝાદીની ચળવળમાં જોડાયા. મહાત્મા ગાંધીનાં આદેશથી તેઓએ ચંપારણ સત્યાગ્રહ માં સ્વયંસેવક તરીકે જોડાયા. મહાત્મા ગાંધી પ્રત્યે પૂરી વફાદારી, સમર્પણ અને ઉત્સાહ ધરાવી તેઓએ ૧૯૨૧ માં યુનિવર્સિટીનાં સભ્ય પદેથી રાજીનામું આપ્યુ. તેઓએ મહાત્માજીનાં પશ્ચિમી શિક્ષણનાં બહિષ્કારની ચળવળનાં પ્રતિભાવમાં પોતાનાં પુત્ર મૃત્યુંજય પ્રસાદ, ખુબજ હોશિયાર વિધાર્થીને યુનિવર્સિટીમાંથી ઉઠાડી અને "બિહાર વિધાપીઠ" માં દાખલ કરાવ્યા,જ્યાં ભારતીય સંસ્કૃતિ મુજબનું શિક્ષણ પ્રદાન થતું હતું. તેઓએ "સર્ચલાઇટ" અને "દેશ" નામક પત્રોમાં લેખો પણ લખ્યા અને આ પત્રોને માટે ફાળો પણ કર્યો. તેઓ રજુઆતો,ચર્ચા અને પ્રવચનો માટે ખુબ પ્રવાસો કરતા.

# તાલીમાર્થીની માહિતી

તાલીમાર્થીનું નામ :- રબારી તુષાર ડી.

રોલ નંબર :- ૩૦

મેથડ :- ૧.સંસ્કૃત

૨.હિન્દી

વિષય :- આઝાદીના 75 વર્ષ અને 75 સ્વાતંત્ર સેનાની

કોલેજ :- એસ.યુ.જી કોલેજ ઓફ એજ્યુકેશન